## સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાના અભિગમને સાર્થક સાબિત કરવા કમર કસતા શ્રી કસવાળા

# કુંડલામાં એક કરોડનાં વાહનોનું લોકાર્પણ કરતા શ્રી કસવાલા

**સાવરકુંડલા સ્વચ્છ સાવરકુંડલા બને તેવા અભિગમ સાકાર કરવાના ધ્યેયથી પાલિકા કરે છે કામ : પ્રજાહિતના કાર્ય કરતી પાલિકાની ટીમને અભિનંદન પાઠવતા શ્રી કસવાળા**

**સ્વચ્છતા અંતર્ગત ૭ ઘંટાગાડી અને ૧ જેસીબીને ધારાસભ્ય કસવાળાએ આપી લીલી ઝંડી નવા ચૂંટાયેલા સાંસદશ્રી ભરત સુતરીયાએ પાલિકા પ્રમુખશ્રી મેહુલ ત્રિવેદીની ટીમને બિરદાવી**



અમરેલી,

સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાના ધ્યેય સાથે દિવસ રાત સતત કાર્યશીલ રહેતા ધારાસભ્ય મહેશ કસવાળાની રજૂઆત અન્વયે સરકારશ્રી દ્વારા સ્વચ્છતા મિશન અંતર્ગત ભીનો સુકો કચરા ઘર ઘર સુધી પાલિકા ની ઘંટા ગાડી ભરી જાય તે માટે ઘંટા ગાડી અને ૧ જે.સી.બી.નું લોકાર્પણ ધારાસભ્યના વરદહસ્તે નાવલી નદીના ત્રિકોણ સર્કલ ખાતે રાખવામાં આવેલ હતું જેમાં પાલિકાના સતાધીશો, ચૂંટાયેલા સદસ્યો સહિત પ્રબુદ્ધ શહેરીજનો ની વિશેષ ઉપસ્થિતી વચ્ચે ધારાસભ્ય મહેશ કસવાળાએ પાલિકાના નવા વાહનોને લીલી ઝંડી આપીને શહેરની સુખાકારી માટે અર્પણ કરવામાં આવ્યા હતા. લોકાર્પણ કાર્યક્રમ વખતે ધારાસભ્ય કસવાળાએ ચૂંટણીમાં સાવરકુંડલા લીલીયાના મતદાતાઓનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો ધારાસભ્ય મહેશ કસવાળા ૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં ૩૭૦૦ મતે વિજેતા થયા તો સાવરકુંડલા લીલીયાની જનતા જનાર્દને ૩૭ હજારની લીડ સાથે લોકસભા બેઠકમાં અપાવી તેનો કાયમી અંકિત રહેવાનું ધારાસભ્ય કસવાળાએ જણાવ્યું હતું જ્યારે એન.ડી.એ.ની સ્પષ્ટ બહુમતી સાથેની સરકાર માં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ ત્રીજી વાર શપથ ગ્રહણ કરી રહ્યા હોય ત્યારે ચંદ્રબાબુ નાયડુ ને નીતીશ કુમાર આડા હાલશે તેવી કોંગ્રેસી કાર્યકર્તાઓની વ્હેતી ચર્ચાઓ પર માર્મિક ટકોર ધારાસભ્ય કસવાળાએ કરીને કોંગ્રેસને ટોણો માર્યો હતો જ્યારે હંમેશા વિકાસના કામો પ્રત્યે સંવેદનશીલતા સાથે સાવરકુંડલા ને ૫ વર્ષમાં એક નવું સુવર્ણ કુંડલા સ્થાપિત કરવા સાથે નાવલી પર રિવરફ્રન્ટ એક અમરેલી જિલ્લામાં નવી ઓળખ ઊભી થવાના દિવસો દૂર નથી તેવું પણ ધારાસભ્ય કસવાળાએ જણાવ્યું હતું ને આ પાલિકાના વાહન લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા પંચાયત સદસ્ય મનુભાઈ ડાવરા, શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ રાજેશભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, સેનિટેશન ચેરમેન મેઘાબેન હેમાંગભાઈ ગઢીયા, નગરપાલિકા ચીફ ઓફિસર એચ.પી.બોરડ, નગરપાલિકા હોદેદારશ્રીઓ, ચેરમેનશ્રીઓ સદસ્યશ્રીઓ, જિલ્લા હોદેદારશ્રીઓ, શહેર હોદેદારશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ સાવરકુંડલા નગરપાલિકા ની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### અવસાન નોંધ
**રાજકોટ**

ડાયબેન જીવાભાઈ નોંધણવદરા (ઉ.વ. ૮૫) રાજકોટ - સ્વ. જીવાભાઈ ડાયાભાઈ નોંધણવદરા ના. ધર્મપત્ની સ્વ. ડાયબેન જીવાભાઈ નોંધણવદરા (ઉ.વ. ૮૫) તે જેન્તીભાઈ નોંધણવદરા (વોર્ડ નંબર ૧૭ ના ભાજપ પ્રભારી) વિનુભાઈ, શૈલેષભાઈ અને શારદાબેન યોગેશભાઈ શેખડા ના માતૃશ્રી નું તારીખ ૭/૬/૨૦૨૪ ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદગત નું બેસણું ૧૦/૬/૨૦૨૪ ને સોમવાર ના રોજ સાંજે ૪ થી ૬ જુનુ સ્વાતિ પાર્ક શેરી નંબર ૩ કોઠારિયા રોડ ખાતે રાખવામાં આવેલ છે.

---

#### દર વર્ષે ચોમાસા પુર્વે આગોતરૂ વાવેતર થતુ

## આ વખતે આગોતરા વાવેતરનો અભાવ

**સરકાર આ વર્ષે પાક ધિરાણ ઉપર વીમા યોજના અમલમાં મુકે તેવી માંગણી**

રાજુલા, (કનુભાઈ વરૂ)

સરકાર અને હવામાન વિભાગ દ્વારા વરસાદ વહેલો પડવાની આગાહીઓ થઈ રહી છે છતાં જગતનો તાત બિયારણ ખાતર ની ખરીદી સંપૂર્ણ ગોકળગતીએ કરતો જોવા મળ્યો છે કોઈપણ જગ્યાએ ખાતર કે બિયારણમાં દુકાનો સંઘ મંડળીએ ભીડ જોવા મળતી નથી તેમજ નવી એગ્રો ની દુકાનો પણ ખુલી નથી કપાસ અને સિંગના બિયારણમાં ૩૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે આ વર્ષે ખેડૂતોએ ખેતરોમાં દેશી ખાતર મતલબ કે ખૂબ જ નાખી હોવાનું જાણવા મળે છે કારણ કે તળાવ ઊંડા કરવાની યોજનામાંથી માટે ઉપાડી ખેડૂતોએ ખૂબ જ ખેતરોમાં નાખી રહ્યા છે કારણ કે આ વર્ષે કુવાઓમાં પાણી જ નથી જેથી ખેડૂતો આગોતરું વાવેતર એક પણ ગામડે ક્યાંય વાવેતર કરતા ખેડૂતો જોવા મળતા નથી માત્ર ખેડૂતો ખેતરોમાં માટી નાખતા મળે છે જેના કારણે ઈફકો ખાતરની ડિમાન્ડ પણ હાલ તો ઓછી જોવા મળે છે આમ વરસાદ ભલે આંગોતરા થાય પરંતુ જગતના તાત ને આ વખતે કુવામાં પાણી ન હોવાથી આગોતરું વાવેતર ૯૦% ખેડૂતો કરી શકતા નથી ખેડૂતો ભારે મુશ્કેલીમાં છે બીજી તરફ મોટા ભાગના ખેડૂતો બેંકો માં પાક ધિરાણ લોનો લેવા માટે દોડધામ કરતા જોવા મળે છે કારણ કે નવું જૂનું કરવા માટે ખેડૂતો ઊંચી ઉધાર કરી નવું જૂનું ધિરાણ લેવા માટે લાઈનો લાગે છે મોટાભાગના ખેડૂતો નવું જૂનું કરવા માટે ઘરેણા ઉપર વ્યાજે પૈસા લઈને ખેડૂતોએ નવા જૂનું કરવા માટે પૈસા ગોતવા પડે છે ત્યારે નવું જૂનું છે બે વર્ષ પહેલા આપણા અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંકના ચેરમેન એવા દિલીપભાઈ સંઘાણીએ મધ્ય સહકારી બેંકમાં ફંડ આપી અને નવું જૂનું કરવા માટે માત્ર વ્યાજ જ લઈ અને નવું જૂનું તાલુકા કક્ષાની મધ્ય સહકારી બેંકો માંથી કરી આપતા હતા.

પરંતુ આ યોજના છેલ્લા બે વર્ષથી મધ્ય સહકારી બેંક બંધ કરી દીધી છે બીજી તરફ ખેડૂતોની એવી પણ માંગણી છે કે હવે સરકાર દ્વારા પાક ધિરાણ ઉપર જે વીમો નું પ્રીમિયમ લેવામાં આવતો હતો ખેડૂતો પણ વીમા પ્રીમિયમ એડવાન્સ ભરી દેતા હતા અને વર્ષ નિષ્ફળ જાય તો ખેડૂતોને ઘણો લાભ થતો હતો પરંતુ સરકાર દ્વારા આ યોજના સંપૂર્ણ કરી દેતા જગતનો તાત કફોડી સ્થિતિમાં છે કારણ કે ખેતી એવી વસ્તુ છે કે કુદરત આધારિત છે ખેડૂતો પાસે મોંમાં આવેલો કોળિયો પણ જુટવાઈ જાય છે કારણ કે વરસાદ સારો થાય તો જ બાકી વાવાઝોડું થાય તો પાક પણ નિષ્ફળ જાય એક વરસાદ થાય વાવણી લાયક અને પછી પણ થાય તો બીજી વાર પણ વાવણી કરવી પડે છે આ ખેડૂતોની ખેતી કુદરત આધારિત હોવાથી વિમાની યોજના બંધ કરી દીધી છે તે પુન શરૂ કરી દેવી જોઈએ તે યોજના સરકાર વીમા નું પ્રીમિયમ માં ભલે વધારો થાય પરંતુ ખેડૂતોની માંગણી છે કે તાત્કાલિક ધોરણે આ વર્ષે પાક ધિરાણ ઉપર ની યોજના સરકાર વીમા ની યોજના અમલમાં લાવે ખેડૂતો કહે છે કે અમારે ભલે બમણી આવક ઉપજ સરકાર લાવવાની વાતો કરે છે.

પરંતુ એ યોજના થી ડબલ આવક ન થાય તો વાંધો નહીં પરંતુ માત્ર વીમો ની યોજના ફરી શરૂ કરાવે ત્યારે અમરેલી જિલ્લાના જ દેશભરમાં કૃષિ ક્ષેત્રે નામના છે ક્ષેત્રે નામના છે આધુનિક ખેતીના જાણકાર છે અને ખેડૂત પણ છે અને ખેતી ના માહિતગાર છે એવા દિલીપભાઈ સંઘાણી સરકારમાં પુન વિમાની યોજના અમલમાં લાવે તે માટે સરકારમાં કૃષિ મંત્રાલયમાં પણ રજૂઆત નિર્ણય કરાવે તેમજ બે વર્ષથી નવાજૂના કરવામાં પુરા પૈસા નહીં માત્ર વ્યાજ ભરવાથી જ નવાજૂની મધ્ય સહકારી યોજના હતી તે બંધ થઈ છે હવે ખેડૂતને ભરવા પડે છે તેને બદલે અગાઉ વ્યવસ્થા કરી હતી. તેવી પણ વ્યવસ્થા કરાવે તેવી માંગણી અને લાગણી રાજુલા જાફરાબાદ વિસ્તારના જગતના તાતની ની માંગણી છે.

---

#### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે શ્રી મનીષ મહેતાનાં સ્મરણાર્થે

## અમરેલીમાં ચકલી ઘર અને કુંડા વિતરણ

**શ્રી મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ અમરેલી દ્વારા આયોજન**



અમરેલી,

૫ જુન વિશ્વ પર્યાવરણ દિન નિમિતે શહીદ મનીષ મહેતા ના સ્મરણાર્થે વિર શહીદ મનીષ મેમોરીયલ ટ્રસ્ટ અમરેલી દ્વારા અમરેલી શહેર મા ચકલીઘર તથા કુંડા વિતરણ ના આયોજન કરેલ. જેમા ગુજરાત રાજ્ય ના ઉપદંડક તથા ધારાસભ્ય શ્રી કૌશીકભાઈ વેકરીયા, લોકસભા ના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, અમરેલી નગરપાલિકાના પ્રમુખશ્રી બીપીનભાઈ લીંબાણી શ્રી દિલાભાઈ વાળા પુર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, વીએચપી ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી યુવા મોરચા ના મહામંત્રી મૌલિકભાઈ ઉપાધ્યાય સીનીયર એડવોકેટ શ્રી ઉદયનભાઈ ત્રીવેદી, બ્રહ્મ સમાજ પ્રમુખ મુકુંદભાઈ મહેતા, નરેશભાઈ મહેતા ચિરાગભાઈ ત્રીવેદી શિક્ષણ સંઘ ના મંત્રી શ્રી રસીકભાઈ મહેતા, ડીફેન્સ વેટરનસ ઓર્ગનાઈઝેન ના અમરેલી પ્રમુખ તરુણભાઈ શુકલ, દીપકભાઈ બાંભરોલીયા, ભાવેશ કાબરીયા, પેઈન્ટર ડી જી મહેતા, અશોકભાઈ ડો. પંકજભાઈ ત્રિવેદી, હરેશભાઈ દવે, પ્રતાપસિંહ રાઠોડ, સાગરભાઈ મહેતા, કિશનભાઈ શીલુ, નયનભાઈ ત્રીવેદી, સ્મિત ભાઈ સોની તેમજ વિવિધ સંસ્થાઓના આગેવાનો, તમામ પત્રકારશ્રીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સહયોગ આપી આ કાર્યક્રમ ને સફળ બનવવા બદલ અમરેલી નગર જનો નો વિર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ પ્રમુખ પ્રકાશ રાજગોર આભાર વ્યક્ત કર્યો હતો.

---

## ભાજપની ૪૦૦ સીટો ન આવતા અમરેલીની ૪૦૦ દુકાનો સીલ કરી : કોંગ્રેસનાં શ્રી મનીષ ભંડેરી

**કોંગ્રેસના શ્રી ભંડેરીએ આક્રોષ વ્યક્ત કર્યો**



અમરેલી, તાજેતરમાં ભારત દેશમાં લોકસભાની ચૂંટણીઓ પૂર્ણ થઈ, જેમાં ભાજપની અને તેના સાથી પક્ષોની ૪૦૦ પ્લસ બેઠક મેળવવાનું સપનું ચકનાચૂર થઈ ગયું છે, જેની દાઝ રાખીને અમરેલી શહેરમાં જિલ્લા પંચાયત રોડ પર આવેલ સરદાર શોપિંગ સેન્ટરમાં અંદાજે ૪૦૦ જેટલી દુકાનો સેફટીના અભાવે સીલ કરીને નાના વેપારીઓને ધંધા રોજગાર વગરના ભાજપના શાસકોએ કરી દીધા છે, એકબાજુ રોજગારી આપવાની વાત કરતા ભાજપના શાસકો નાના- નાના વેપારીઓની રોજગારી છીનવવાનું કામ કરી રહી છે, ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં ભારત દેશની જનતાએ શિક્ષણ, આરોગ્ય, રોજગારી, મોંઘવારી વગેરે જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મતદાન કરીને ભાજપનું પ્લસ સીટો મેળવવાનું સપનું ચકનાચૂર કરી નાખ્યું છે, જેની દાઝ ભાજપના શાસકો અમરેલી શહેરના નાના- નાના વેપારીઓની દુકાનો સીલ મારીને બદલો લઈ રહ્યા છે, જ્યારે કોઈપણ કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવવામાં આવે ત્યારે તેના અભિપ્રાય માટે નગરપાલિકા તથા ફાયર સેફ્ટી ઓફિસરની એન.ઓ.સી વગર બાંધકામ કરી શકાતું નથી, તો આમા માત્ર ને અમરેલી નગરપાલિકા, ફાયર સેફ્ટી ઓફિસર, કોમ્પ્લેક્સ બનાવનાર બિલ્ડર જવાબદાર બને છે, આમાં નાના વેપારીઓનો કોઈ જ વાંક નથી, આ તો પાડાના વાંકે પખાલીને ડામ આપવાનું કામ ભાજપના શાસકો કરી રહ્યા છે.

---

## અમરેલી જિલ્લામાં કોલેજ શરુ થશે : તા. ૧૫ જૂન સુધીમાં ઓનલાઇન અરજી કરી શકાશે

**ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા કોલેજ શરૂ કરાઇ**

અમરેલી,

ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં દરેક જિલ્લામાં સ્પોર્ટસ કોલેજ શરુ કરવામાં આવશે. અમરેલી જિલ્લામાં સ્પોર્ટસ કોલેજ શરુ કરવા માટે રસ ધરાવતી સરકારી, ખાનગી કોલેજ સંસ્થાઓએ sportsa tuthority. gujarat. gov. in પર તા.૧૫.૦૬.૨૦૨૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવી. કક્ષા સ્પોર્ટસ કોલેજ પસંદગી માટેના ધારા-ધોરણો, રમત -ગમત, તેમજ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગના ઠરાવમાં દર્શાવ્યા મુજબ સરકારી અને ખાનગી કોલેજ અથવા સંસ્થા ેંૅભ માન્ય યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજ હોવાનું આવશ્યક છે. રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૫ એકર જમીન ઉપલબ્ધ હોવી આવશ્યક છે, જેમાં યુનિવર્સિટી કોલેજમાં ઉપલબ્ધ મેદાન ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના જિલ્લા રમત સંકુલ નજીકની કોલેજ હોય તો તેને છૂટછાટ આપી શકાશે તેમજ ડી.એલ.એસ.એસ શાળાની નજીકની કોલેજ યુનિવર્સિટીને અગ્રતા આપવામાં આવશે. આ ઉપરાંત ઓછામાં ઓછી ૨૦૦ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનિઓ માટે હોસ્ટેલ સુવિધા અને પ્રાથમિક સુવિધા અને વિકસિત મેદાન હોય તે પ્રથમ પસંદગીને પાત્ર ગણવામાં આવશે. આ અંગેનો ઠરાવ sportsatuthority. gujarat. gov. in ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## રાજુલા જાફરાબાદનાં ધારાસભ્ય શ્રી સોલંકીએ લોકપ્રશ્નો સાંભળ્યા

**સોમવારે અમરેલી અને મંગળવારે ગાંધીનગર પ્રશ્નો રજૂ કરશે**



રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા જાફરાબાદ વિસ્તારના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી આજે રાજુલા ભાજપ કાર્યાલયમાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા લોકોના પ્રાથમિક જરૂરિયાતવાળા પ્રશ્નો સાંભળ્યા હતા અને સરપંચો તાલુકા પંચાયતના સદસ્યો અને આગેવાનો દ્વારા હીરાભાઈ ને લેખિત પ્રશ્નો આપવામાં આવ્યા હતા. ખાસ કરીને એસટીના પ્રશ્નો તેમજ બાંધકામ પ્રશ્નો આરોગ્ય ખાતામાં પ્રાથમિક કેન્દ્રમાં જગ્યા ખાલી છે તે તેમજ શિક્ષકોની જગ્યાઓ દરિયાઈ કિનારા વિસ્તારમાં ખાલી છે તે તેમજ મંત્રી ગામસેવકોની જગ્યાઓ વણપુરા તેમજ છેલ્લા ઘણા સમયથી પાણી પુરવઠામાં નાયબ કાર્યપાલકને જગ્યા ખાલી તેમજ સીટી સર્વેની જાફરાબાદ ખાતેની ઓફિસ શરૂ કરવી તેમ જાફરાબાદ ખાતે તિજોરી કચેરી બંધ કરેલ છે તે વિવિધ પ્રશ્નો આવ્યા હતા તે પ્રશ્ન સોમવારે એસટી તેમજ જિલ્લા લેવલના પ્રશ્નો લઈ અને હીરાભાઈ સોલંકી અમરેલી રજૂઆત કરશે તેમજ ગાંધીનગર ખાતે જગ્યાઓ ભરવાના પ્રશ્ન પણ રજૂઆત કરશે આજે આ હીરાભાઈ સોલંકી સમક્ષ રવુભાઈ ખુમાણ તથા ગૌતમભાઈ ગુજરીયા તથા બચુભાઈ ચૌહાણ કાનાભાઈ તેમજ દર્શનભાઈ તાલુકા પંચાયતના પ્રતિનિધિ શ્રી નનકા દાદા તથા ખાખબાય ના ગ્રામ ગ્રામ્ય જન ઉપસ્થિત રહ્યા હતા.

---

## ઝર ગામમાં એટ્રોસીટીના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

**એડવોકેટ વનરાજભાઈ વાળાની ધારદાર દલીલો ગ્રાહય રાખી**



અમરેલી, આ કામના બનાવની ફરીયાદ તા. ૧૧-૦૬-૨૦૨૦ ના રોજ આ કામના ફરીયાદી પરેશભાઈ ભાણજીભાઈ ખેતરીયા ઝર ગામમાં તેના પિતા પાણી છોડવાનું કામ હોય બપોરે ૧૨ વાગ્યે આ કામના આરોપી યુનુસભાઈ ગોદડભાઈ લલીયા એ ભાર વાહન રીક્ષા સાથે આવી ફરીયાદીના પિતાને પાણી નહીં છોડવાનું કહી ફરીયાદી સાથે કરી ભુંડાબોલી, ગાળો આપી, ફરીયાદી તથા સાહેદને માર મારી ડાબા પગના સાંથળ ઉપર તેમજ ડાબા હાથના બાવડાના ભાગે મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની આપી તથા જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી હડધુત થાય તેવા શબ્દો બોલેલા. તે બાબતની ફરીયાદી ધારી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ હતી. જે બાબતે પોલીસે તપાસ કરી મારા મારી તથા એટ્રોસીટી ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ હતું. આ કામે ચાર્જશીટ થયા ધારી ના એડીશનલ સેશન્સ જજ શ્રી એમ્.એન. શેખ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરીયાદ પક્ષ તરફ થી પોતાનો કેસ સાબીત કરવા માટે મૌખીક તથા લેખિત પુરાવાઓ રજુ કરવામાં આવેલ હતા.

તેમ છતા આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામ ના આરોપી ઉર્ફે ભકાભાઈ ગોદડભાઈ લલીયા, રે. ઝર વાળાને નિર્દોષ છોડી મુક્વાનો હુકમ એડી. સેશન્સ કોર્ટ દ્વારા કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપી તર્ફે એડવોકેટ વી.એ. વાળાની ધારદાર દલીલોને ધ્યાને રાખી સેશન્સ જજ શ્રી એમ્.એન. શેખ દ્વારા કરવામાં આવેલ છે.

---

## અમરેલીમાં અવાર નવાર સર્જાતા વિજ ધાંધીયાથી લોકો ત્રાહીમામ

**ગુરૂવારનાં કાપ સિવાયનાં દિવસોમાં પણ મન ફાવે ત્યારે વિજકાપથી લોકોમાં રોષ**

અમરેલી, અમરેલી શહેરમાં ગુરૂવારનાં કાપ સિવાયનાં દિવસોમાં પણ શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં વિજ ધાંધીયાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ઉનાળાનાં આકરા દિવસોમાં મનફાવે ત્યારે વિજકાપ હોવાથી લોકો ગરમીમાં બફાઈ રહ્યાં છે. રીપેરીંગનાં બહાના ઓઠે વિજતંત્ર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ગમે ત્યારે વિજકાપ મુકવામાં આવતા લોકોમાં રોષની લાગણી વ્યાપી છે.

### તા. ૨૭ જૂને લાઠી તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

અમરેલી લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે આગામી તા. ૨૭ જૂન, ૨૦૨૪ ના રોજ ૧૧ વાગ્યે લાઠી તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો તા.૧૮ જૂન, ૨૦૨૪ સુધીમાં તાલુકા મથકે, લાઠી તાલુકા મામલતદારશ્રી, લાઠી તાલુકા કચેરી, લાઠી જિ.અમરેલી ખાતે પહોંચતા કરવા. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અવશ્ય લખવાનું રહેશે. સામૂહિક કે નીતિ વિષયક સિવાયના પ્રશ્નો રજૂ કરવા, તેમ લાઠી મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવ્યુ છે.

---


**હાઈવે હોટલ વેચવાની છે.**
ભાવનગર – રાજકોટ હાઈવે ઉપર આશરે ૨ વિઘા જમીન સાથે હોટલ વેચવાની છે.
ઢસા – ચાવંડની વચ્ચે જાનબાઈ માં ની દેરડી ગામે ૧૫ વિઘા વાડી અને ૫ વિઘા જમીન વેચવાની છે.
વડેરા ગામની ૮ વિઘા ફળદ્રુપ જમીન વેચવાની છે.
ખેડુત ખાતેદારનો દરજ્જો ચાલુ રાખવા સસ્તી જમીન વેચવાની છે.
અમરેલી થી ધારી રોડ ટચ ૧૦ વિઘા જમીન વેચવાની છે.
અમરેલી થી ૮ કિ.મી.નાં અંતરે નેશનલ હાઈવે ટચ ૪ લાખમાં ૧૪૨ વાર
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**ડેડાણમાં મકાન વેચવાનું છે**
૨+૧ સ્લેબવાળા પાકા મકાન બે રસોડા, સંડાસ બાથરૂમ, ૪૦ X ૪૦ પ્રાથમિક શાળા સામે માલકનેશ રોડ વાળુ મકાન વેચવાનું છે
સંપર્ક કરો : મહમદખા સી.પઠાણ
-:: સંપર્ક ::-
મો.૯૭૨૪૧ ૧૪૯૦૧

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"**
ઉધઈ થી બચો
ઉધઈ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઈ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

**અમરેલીમાં પ્લોટ વેચવાનો છે**
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X 33 ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

**પ્રોપર્ટી સેલ / એકસચેન્જ કરવાની છે**
જુનાગઢ શહેરનાં અનેક સારા - સારા એરીયાઓથી નજીકમાં બિમ-કોલમવાળા બિલ્ડીંગમાં તદન ન્યુ રીનોવેટેડ સ્લેબ સુધી લાદી - ટાઇલ્સ લગાવેલ ગ્રાઉન્ડ ફ્લોરની ટાઇટલ કલીયર ૨૫૦ ફુટની દુકાન ૧ વહેંચવાની છે (ભાવ ૨૫ લાખ આસપાસ) કેશમાં વેચાણ અથવા એકસચેન્જમાં અમરેલી, સાવરકુંડલા, ધારી, બગસરામાં મોટુ મકાન હોય તો વિગત આવકાર્ય છે
સંપર્ક : મો.૯૯૭૯૭ ૨૩૩૬૪ (ફોન બપોર પછી કરવો)

**પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ**
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
શ્રી ખોડિયાર સ્ટુડિયો
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઇમ્સ
તા.૦૮-૦૬-૨૦૨૪ શનિવાર

# મોદી હમણાં આવ્યા ને હિન્દુ ધર્મ તો પાંચ-દસ હજાર વરસથી છે, સનાતન છે, ચિંતા શાની છે?

લોકસભા ચૂંટણીનાં પરિણામોમાં ભાજપને મળેલી કારમી પછડાટના કારણે એક તરફ મોદીભક્તો આઘાતમાં છે ને બીજી તરફ મીડિયા પણ આઘાતમાં છે. આંખો મીંચીને ભાજપના ને ખાસ તો નરેન્દ્ર મોદીનાં ગુણગાન ગાયા પછી એ લોકોને એવું જ લાગતું હતું કે, ભાજપને તો સ્પષ્ટ બહુમતી મેળવતાં કોઈ નહીં રોકી શકે.

મોદી સાહેબે કહી દીધેલું કે, અબ કી બાર ૪૦૦ કે પાર એટલે પતી ગયું. સાહેબ કહે તેને બ્રહ્મવાક્ય માનતા મીડિયાએ આખા દેશમાં મોદીની લહેર હોય એવા માહોલ જમાવવાનું શરૂ કરી દીધું. મીડિયાએ ચટાવેલું ચૂરણ ચાટ્યા કરતા મોદીભક્તોને લાગવા માંડેલું કે, દેશમાં ખરેખર મોદીની લહેર છે અને ભાજપને સ્પષ્ટ બહુમતી મળતાં કોઈ નહીં રોકી શકે.

મોદીભક્તોએ માની જ લીધેલું કે, આ વખતે તો ભાજપ ૪૦૦ બેઠકોનો આંકડો પાર કરીને જ જંપશે. તેમનાં કમનસીબે આખો દેશ તેમના જેવું વિચારતો નથી એટલે ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી. મુસ્લિમ લીગથી મંગળસૂત્ર સુધીની વાતો કરીને મુસ્લિમોનો ડર બતાવ્યા પછી પણ ભાજપ ૨૪૦ બેઠકોથી આગળ ના વધી શક્યો.

આ પરિણામોના કારણે મીડિયા અને મોદીભક્તો બંને હતપ્રભ થઈ ગયેલાં પણ મીડિયાએ તો પોતાની દુકાન ચલાવવી જ પડે એટલે એ લોકો તો તમાચો ખાઈને લાલ થયેલા મોં સાથે હાજર થઈ ગયા પણ ભક્તોને બે દિવસ પછી હવે ધીરે ધીરે કળ વળી છે.

સોશિયલ મીડિયા પર ધીરે ધીરે આક્રોશ ને બળાપો કહો તો બળાપો પણ એ નીકળવા માંડ્યો છે. અલબત્ત આ ભક્તોની બુદ્ધિ હિંદુ-મુસ્લિમથી આગળ વધતી નથી એટલે તેમણે એ જ બકવાસ વાતો કરવા માંડી છે કે જે ભાજપના નેતા ચૂંટણી પ્રચાર દરમિયાન કરતા હતા.

મોદીને સ્પષ્ટ બહુમતી નથી મળી એટલે હવે હિંદુઓનું આવી બનશે ને મુસ્લિમો હિંદુઓને પતાવી દેશે એવી વાતોનો મારો શરૂ થઈ ગયો છે. મુસલમાનો હિંદુઓની સ્ત્રીઓને ઉઠાવી જશે ને હિંદુઓની સંપત્તિને લૂંટી લેશે એવી વાતો જોરશોરથી ચાલી રહી છે. એક લખોટાએ તો એવો ઓડિયો બનાવીને મૂક્યો છે કે, ૨૦૦ વર્ષ પછી આ દેશમાં એક પણ હિંદુ નહીં બચ્યો હોય ને બધા મુસલમાનો જ હશે. હિંદુઓ હંમેશાં ગટરમાં જ રહેવાના છે ને ભગવાન રામ પ્રાઈમ મિનિસ્ટર બને તો પણ ગટરમાં જ રહેવાના છે.

આ ઓડિયોમાં બીજી જાતજાતની ને ભાત ભાતની વાતો કરાઈ છે ને તેનો અર્થ એ છે કે, મોદી હારી ગયા તેમાં હિંદુ ધર્મનું ધનોતપનોત નીકળી જવાનું છે, હિંદુત્વ ખતમ થઈ જવાનું છે ને આ દેશ પર મુસ્લિમો ચડી બેસશે. આ દેશના હિંદુઓ સાવ નગુણા છે કે જેમણે હિંદુત્વ માટે જાત ઘસી નાંખનારા મોદીને સ્પષ્ટ બહુમતી તો ના જ આપી પણ ૫૦૦ વર્ષ પછી અયોધ્યામાં રામમંદિર બનાવનારા મોદીને મત ના આપ્યા તેમાં ભાજપ હારી ગયો. આ ઓડિયોમાં છેલ્લે મોદી સાહેબને આ બધું છોડીને હિમાલયની ગુફામાં જતા રહેવાની સલાહ અપાઈ છે.

અયોધ્યા લોકસભા બેઠક પર ભાજપના લલ્લુસિંહ હારી ગયા તેનો ખરખરો બીજાં પણ ઘણાંએ કર્યો છે. સોનુ નિગમ અને અનુપમ ખેર જેવી સેલિબ્રિટીઝ પણ આ ખરખરો કરવામાં જોડાઈ છે. ભાજપને બહુમતી ના મળી તેનો વસવસો કરતી ને હિંદુઓને માયકાંગલા, નબળા ને બીજી ગાળો આપતી સેકંડો પોસ્ટ સોશિયલ મીડિયા પર ફરી રહી છે.

આ બધી પોસ્ટ વિશે લખી શકાય તેમ નથી પણ ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી તેમાં આ લખોટાઓનું બહુ મોટું યોગદાન છે. લોકસભાની ચૂંટણી પહેલાં ને ચૂંટણી દરમિયાન આ બધા આ જ પ્રકારની બકવાસ વાતો કર્યા કરતા હતા. મુસ્લિમોનો ડર બતાવી બતાવીને મોદી માટે મત લૂંટવા નીકળેલા આ નમૂનાઓને ખબર જ ના પડી કે તેમની વાતોથી લોકોને ઉબકા આવી રહ્યા છે.

આ વાતોની અસર ચૂંટણીમાં જોવા મળી ને પરિણામ સામે છે. બુદ્ધિશાળી માણસો પછડાટમાંથી શીખતા હોય છે પણ આ લોકો કશું શીખ્યા જ નથી ને ફરી એ જ લવારા શરૂ કરી દીધા છે.

હવે વાત મોદી નહીં હોય તો આ દેશમાંથી હિંદુત્વ ખતમ થઈ જશે તેની પણ કરી લઈએ. પહેલાં પણ આ વાત કરી છે પણ અત્યારે ફરી કરવી જરૂરી છે કેમ કે આ બધી વાતો હિંદુત્વનું અપમાન કરનારી છે. વ્યક્તિ પૂજામાં અંધ બનેલા લોકો વિશ્વનો મહાનતમ ધર્મ એક વ્યક્તિનો આશ્રિત હોય એવું ચિત્ર ઊભું કરીને હિંદુત્વના ગૌરવને ઘટાડી રહ્યા છે ને વાસ્તવમાં તો આ બધા લોકો હિંદુ કહેવડાવવાને લાયક જ નથી.

હિંદુ ધર્મ એટલે કે સનાતન ધર્મ દુનિયાનો સૌથી જૂનો ધર્મ છે. ખરેખર ક્યારથી હિંદુ ધર્મ અસ્તિત્વમાં આવ્યો એ કહેવું મુશ્કેલ છે પણ પાંચ હજાર વર્ષથી હિંદુ ધર્મ અસ્તિત્વમાં હોવાનું સૌ સ્વીકારે છે.

આ પાંચ હજાર વર્ષના હિંદુ ધર્મના ઈતિહાસમાં હિંદુ ધર્મને ખતમ કરવાના ઘણા પ્રયત્નો થયા. લોકોને લાલચો આપીને ભોળવતા મીઠડા ખ્રિસ્તી પાદરીઓથી માંડીને એક હાથમાં તલવાર ને એક હાથમાં કુરાન લઈને નીકળેલા મુસ્લિમ આક્રમણખોરો સુધીનાં બધાંએ આ દેશને પોતાની આસ્થાના રંગે રંગવા ફાંફાં મારી જોયાં પણ કોઈ સફળ ના થયા. હિંદુઓનાં મંદિરો તોડ્યાં, બહેન-દીકરીઓને અત્યાચારોનો ભોગ બનાવી, લોકોને બળજબરીથી વટલાવ્યા છતાં હિંદુત્વ ખતમ ના થયું.

દુનિયાના ઘણા દેશો આખેઆખા પોતાની આસ્થા બદલીને ખ્રિસ્તી બની ગયા કે ઈસ્લામને અપનાવી લીધો પણ આ દેશ હિંદુઓનો હતો ને હિંદુઓનો રહ્યો. હિંદુઓએ મર્દાનગી બતાવીને બધા પ્રયત્નોને ખાળ્યા તેના કારણે આ દેશને ના ખ્રિસ્તી પોતાના રંગે રંગી શક્યા કે ના મુસલમાનો ઈસ્લામને રંગે રંગી શક્યા. હિંદુત્વમાંથી બીજા ધર્મો પણ પેદા થયા ને એ પણ હિંદુત્વને ખતમ ના કરી શક્યા.

નરેન્દ્ર મોદીની ઉંમર ૭૫ વર્ષની છે ને હિંદુત્વનો નોંધાયેલો ઈતિહાસ જ પાંચ હજાર વર્ષનો છે. મોદી તો હમણાં આવ્યા પણ એ પહેલાં ભયંકર આક્રમણો સામે પણ હિંદુ ટકી ગયા કેમ કે હિંદુ ધર્મ મોદી જ નહીં પણ બીજા કોઈનો ઓશિયાળો નથી. હિંદુઓમાં પોતાની આસ્થાને ટકાવવાની તાકાત છે ને હંમેશાં રહેશે. આ કારણે જ હિંદુ ધર્મ. સનાતન છે, એ સદીઓથી ટકેલો છે ને ટકવાનો છે. રાજાઓ આવ્યા ને ગયા ને નેતાઓ પણ જતા રહેશે, હિંદુત્વ સનાતન છે અને સનાતન રહેશે.

## અમરેલી જિલ્લામાં વધી રહેલા કમોતના બનાવો યથાવત

# અમરેલી જિલ્લામાં વધુ કમોતના ત્રણ બનાવો

### લાઠીમાં યુવાનનું ગળાફાંસો ખાઇ જતાં, ઢુંઢીયાપીપળીયામાં યુવાનનું ઝેરી દવા પી જતાં, વઢેરામાં વૃધ્ધનું ઝેરી જીવજંતુ કરડી જતાં મોત

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં કાળ ચક્ર ફરી વળતાં વધુ ત્રણ કમોતના બનાવો પોલીસમાં નોંધાયા હતાં. જેમાં લાઠીમાં યુવાનનું ગળાફાંસો ખાઈજતા, ઢુંઢીયા પીપળીયામાં યુવાનનું ઝેરી દવા પી જતાં અને વઢેરામાં વૃધ્ધનું ઝેરી જીવજંતુ કરડી જતા મોત નિપજયું હતું.

વડિયાના ઢુંઢીયા પીપળીયા ગામે રહેતા ભરતભાઈ મનુભાઈ પટોળીયા ઉ.વ.૩૩ આર્થિક સંક્રામણના કારણે ટેનશનમાં રહેતા હોય. જેથી પોતે પોતાની જીંદગીથી કંટાળી પોતાની મેળે અનાજમાં નાખવાના ઝેરી ટીકડા પી જતાં સારવાર દરમ્યાન ગોંડલની સુખવાળા હોસ્પિટલમાં મૃત્યું પામ્યાનું મુકેશભાઈ ઉર્ફે રજનીક મનુભાઈ પટોળીયાએ વડીયા પોલીસમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં લાઠીમાં રહેતાં ભાવેશભાઈ રામભાઈ ડાંગર ઉ.વ.૨૮ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઘરે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજયાનું રાજુભાઈ નારણભાઈ ડાંગરએ લાઠી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. ત્રીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે ભાણાભાઈ બાબુભાઈ બાંભણીયા ઉ.વ.૬૦ વઢેરા ગામે આવેલ મોહનભાઈની ચાની દુકાને બેઠેલા હોય ત્યારે ડાબા પગમાં ઝેરી જીવજંતુ કરડી જતાં મોત નિપજયાનું કિર્તિભાઈ ભાણાભાઈ બાંભણીયાએ જાફરાબાદ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી જિલ્લામાં જુદા જુદા ૧૬ સ્થળે દેશીદારૂના દરોડા : ત્રણ મહિલાઓ સહિત ૭ શખ્સો ઝડપાયા

### જિલ્લામાં પોલીસે વાહનચાલક સહિત ૭ નસેડીઓ રાજાપાઠમાં ઝડપી લીધા

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા ૧૬ સ્થળોએ દેશીદારૂના દરોડાઓ પાડી ત્રણ મહિલા સહિત ૭ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં બાબરા, દામનગર, જાફરાબાદ, અમરેલી, ખાંભા, ધારી, વંડા, સાવરકુંડલા, લાઠી, અમરેલી રૂરલ, વડીયા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જયારે જિલ્લામાં એક વાહનચાલક સહિત સાત નસેડીઓને પોલીસે રાજાપાઠમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં લીલીયા, અમરેલી, બગસરા, સાવરકુંડલા, મરીન પીપાવાવ, સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ધારીના ગીગાસણ ગામની સીમમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

### જુગારના પટ્ટમાંથી રોકડ રૂા.૧૧,૬૦૦ કબ્જે કર્યા

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

ધારી તાલુકાના ગીગાસણ ગામની સીમમાં બાલુભાઈ નાગજીભાઈ ગજેરાની વાડીએ જવાના રસ્તે નળમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા મનસુખ નાગજીભાઈ ગજેરા, મથુર જીણાભાઈ કોટડીયા, ભરત ગોરધનભાઈ સાવલીયા, હિંમત બાવભાઈ અંટાળા, પ્રવિણ નાથાભાઈ વઘાસીયાને લોકરક્ષક અનકભાઈ મોભે રોકડ રૂા. ૧૧,૬૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

## બજારમાં સામાવાળા ઉભેલ અને છેડતીની વાતો કરતાં હોય તેમની પાસે જતાં

# લાઠીના ચાવંડમાં યુવાન સહિત પરિવારજનો ઉપર હુમલો

### ધારિયુ, લાકડાના ધોકા વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

લાઠી તાલુકાના ચાવંડ ગામે સુરેશભાઈ પ્રવિણભાઈ નાવડીયા ઉ.વ.૨૯ પોતાના ઘર પાસે બજારમાં નિકળેલ ત્યારે દિલીપ માધાભાઈ કાવઠીયા બજારમાં ઉભેલ હતાં. અને છેડતી બાબતે વાતો કરતાં હતા ત્યારે તેમની પાસે જતાં ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ પોતાના ઘરેથી ધારયુ લાવી સુરેશભાઈને માથામાં ધારયુ મારી દેતા દેકારો થતાં તેમના માતા તથા પત્ની આવી જતાં ગાળો બોલી દિલીપે પડખાના ભાગે ધારયાનો ઘા મારી ઈજા કરી અર્જુન રવજીભાઈ, વિશાલ રવજીભાઈ, મનસુખ માધાભાઈ કાવઠીયા પોતાના ઘરેથી હથિયારો લાવી વિશાલે સુરેશભાઈને ડાબા હાથે અને કોણીના નીચેના ભાગે લાકડાના ધોકા વડે મારમારી અર્જુને લોખંડના પાઈપનો એક ઘા મારી મનસુખે લાકડાના ધોકા વડે પડખામાં ડાબી બાજુ તથા જમણા પગના નળાના ભાગે મારમારતા શારિકાબેન વચ્ચે પડતા વાસાના ભાગે મુંઢ ઈજા કરી, નિતાબેનને કાંડાના ભાગે મુંઢ ઈજા કરી ધમકી આપ્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મોટા આંકડીયામાં પ્રૌઢ ઉપર હુમલો

### ખડીયાના બે શખ્સોએ મારમારી મોબાઇલ તોડી નાખ્યો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામે રહેતા રાજુભાઈ ઉર્ફે રાજેશભાઈ વશરામભાઈ કુંભાણી ઉ.વ.૪૦ને અગાઉ વાંધો ચાલતો હોય જેથી ખડીયા ગામના નરેશ ભીખુભાઈ ગરેણીયા અને મિલન સુરેશભાઈ સોલંકીએ પાઈપ વડે પડખામાં અને હાથે પગે મારમારી મુંઢ ઈજા કરી મોબાઈલ તોડી નાખી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદથી સાયકલ દ્વારા કેદારનાથ યાત્રાએ જવા નિકળેલ યુવાનની શુભેચ્છા મુલાકાતે શ્રી હિરાભાઇ

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીએ રૂબરૂ મળી યુવાનને બિરદાવ્યો




રાજુલા, (કનુભાઈ વરૂ)

મતવિસ્તાર જાફરાબાદથી કેદારનાથ સાયકલયાત્રા લઈ નીકળેલા ખારવા સમાજના યુવાન ખારવા સાવન સોલંકી સાથે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ શુભેચ્છા મુલાકાત કરી હતી અને કેદારનાથ પ્રત્યે સાવનને ખૂબ જ શ્રદ્ધા હોવાથી હીરાભાઈ ને જણાવ્યું કે ગમે તેમ કરી હું સાયકલ લઈ કેદારનાથ ના દર્શન કરવા જઈ રહ્યો છું અને કેદારનાથ ભગવાન મને પહોંચવાની શક્તિ આપી છે તેમજ આપના તરફથી મને શુભેચ્છા આપી તેથી હું યાત્રાએ જ હતા હર્ષ અનુભવ છું અને મેં વિકલ્પ કર્યો છે કે જાફરાબાદ અને સાસ બંદર ગામના બંને યુવાનો ત્રણ મહિને પહોંચી ગયા હતા તો હું કેમ ન પહોંચું? એવો મન મક્કમ કરી અને સાવન હીરાભાઈ ને પ્રણામ કરી ૧૬૦૦ કિલોમીટર કેદારનાથ જવા આજે ઉમટીયો હતો વિશાલે જણાવ્યું હતું.

## વડીયા કોર્ટમાં ફોજદારી કેસ ચાલી જતા

# મોરવાડાના આરોપીઓનો અપીલમાં નિર્દોષ છુટકારો

### એડવોકેટ ગીરીશભાઇ દવે અને સંજય મહેતાની ધારદાર દલીલો

અમરેલી,

મોરવાડા ગામના આરોપીઓનો સેશન્સ કોર્ટ અમરેલીમાં અપીલ થતા નિર્દોષ છુટકારો થયો છે. આ બનાવની હકીકત એવા પ્રકારની છે કે, અમરેલી જીલ્લાના વડીયા તાલુકાના મોરવાડા ગામે આરોપીઓ (૧) હરસુખ વલ્લભભાઈ બુહા, (૨) દિનેશભાઈ સમજુભાઈ બોરડ, (૩) હરેશભાઈ બાબુભાઈ બોરડ, (૪) હસમુખ ભીખાભાઈ બોરડ, (૫) મગનભાઈ વેલજીભાઈ બોરડ, (૬) દિલીપ હરસુખભાઈ બોરડ, (૭) અરવિંદભાઈ પોપટભાઈ બોરડ, (૮) રમેશ નનકુભાઈ બોરડ, વિગેરેનાઓ વિરુદ્ધ વડીયાના જ્યુડી. મેજી. સમક્ષ ફોજદારી કેસ નં. ૮૧/૨૦૧૭ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૩૨૫, ૩૨૬, ૧૪૩, ૧૪૭,૧૪૮, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના કેસમાં નામ. કોર્ટે તમામ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ.

ઉપરોક્ત હુકમ વિરુદ્ધ સરકારશ્રી દ્વારા મહે. શ્રી અમરેલીના સેશન્સ જજ ફોજદારી અપીલ નં. ૩/૨૦૨૩ ચાલી જતાં નામ. સેશન્સ કોર્ટ દ્વારા સરકારશ્રીની અપીલ રદ કરી અને તમામ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલો. ઉપરોક્ત કેસ તમામ આરોપી તરફે અમરેલીના ખ્યાતનામ એડવોકેટ ગિરીશ એમ. દવે તથા સંજય એ. મહેતા રોકાયેલ હતા.

## અવસાન નોંધ

અમરેલી

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ રંજનબેન રમેચંદ્ર પંડયા ઉ.વ.૭૩ તે સમીરભાઈ પંડયા(એસટી અમરેલી), ઉષ્માબેન કમલેશકુમાર દવેના માતૃશ્રી, મોનાબેન સમીરભાઈ પંડયાના સાસુ અને કમલેશકુમાર દવેના સાસુ ચિ.હેતવા તથા રોહનના દાદીમાંનું તા.૭ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૦ને સોમવારે સાંજે ૪ થી ૬ સંશાક મહાજન પાર્ટી પ્લોટ અમરેલી રાખેલ છે.

## મંડળીમાંથી લોન લઇ આપેલો ચેક રિટર્ન થયેલો

# બગસરામાં ચેક રિટર્ન કેસમાં ૬ માસની સજા

### બગસરા કોર્ટમાં ચેક રિટર્ન કેસ ચાલી જતાં આપેલો ચુકાદો



બગસરા,(રૂપેશ રૂપારેલીયા)

બગસરા ની શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા શાખા માંથી લોન લીધેલ જે ચેક રીટર્ન થતા બગસરા કોર્ટ એ આરોપીને છ માસ ની સજા કરેલ આ કામ નાં ફરીયાદી શ્રી સૌરાષ્ટ્ર નાગરીક શરાફી સહકારી મંડળી લી બગસરા શાખા માંથી જાત થી તા.૧૯/૦૯/૨૦૧૮ નાંરોજ રૂ.૫,૦૦,૦૦૦/- ની લોન લીધેલ જે લોન પેટે મંડળી ની હપ્તા પૈકી ની રકમ રૂ.૪,૯૬,૬૬૩/-પુરા નો ચેક રણવીરભાઈ મંગળાભાઈ માટીયા રહે. બગસરા, તા. બગસરા, જી.અમરેલીવાળા એ તા.૦૪/૦૨/૨૦૨૧ નાંરોજ દેના બેંક બગસરા શાખા નો ચેક આપેલો જે ચેક ફરીયાદી ની મંડળી એ આરોપી નાં ખાતાં માં વટાવવા નાખતાં નાંરોજ પરત થતા ફરિયાદી ના મંડળીનાં વકીલ મારફત નોટીસ આપવામાં આવેલી જે નોટીસ મળી ગયેલ છતાં મંડળી ની રકમ આપેલ નહી જેથી અમરેલી કોર્ટ માં ફોજદારી કેશ નં.૮૭૪/૨૦૨૧ થી તા.૧૫/૦૩/૨૦૨૧ નાંરોજ ફરીયાદીની મંડળી નાં રીકવરી ઓફિસર જયદીપસિંહ પ્રભાતસિહ રાઠોડ દ્વારા કેશ દાખલ કરેલ જે કેશ કોર્ટ માં ટ્રાન્સફર થતા ફોજદારી કેશ નં૧૧૮૪/૨૦૨૨ થી ચાલી જતા બગસરા ના મહે. એસ.એમ.પટેલ એ ફરીયાદી નાં એડવોકેટ અશોક.એચ.પંડ્યા ની દલીલો માન્ય રાખી આરોપી રણવીરભાઈ મંગળાભાઈ માટીયા ને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ મુજબ છ માસ ની સજા અને રૂ. ૪,૯૬,૬૬૩/-પુરા રકમ ન ભરે તો ત્રણ ની સાદી કેદ ની સજા નો હુકમ તા.૨૭/૦૫/૨૦૨૪ નાંરોજ કરવામાં આવેલ છે

# મહુવાના વાઘનગરમાં અકસ્માતે મોત થતાં રૂપિયા ૧૫ હજારની સહાય આપતા પુ. શ્રી મોરારીબાપુ

### મૃતકના પરિવારને સાંત્વના પાઠવી શ્રધ્ધાંજલી અર્પણ કરી

રાજુલા,ગત માસની ૧૬ તારીખે મહુવા તાલુકાના વાઘનગરના આશાસ્પદ યુવાન સ્વ. નૈતિકભાઈ નિમાવતનું માર્ગ અકસ્માતમાં કરુણ મોત નિપજયું હતું. પૂજ્ય મોરારીબાપુને આ દુઃખદ ઘટના અંગે સમાચાર પ્રાપ્ત થતાં તેમણે શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ તલગાજરડા દ્વારા એમના પરિવારજનોને રુપિયા ૧૫,૦૦૦ નું તુલસીદલ સમર્પિત કર્યું છે. આજ રોજ મહુવા રામાનંદી સાધુ સમાજ ના શ્રી વિનુબાપુ અગ્રાવત, રામાનંદી નવ નિર્માણ સેનાના શ્રી ભાવેશભાઈ નિમાવત અને શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ માંથી ધર્મેશભાઈ રુબરુ વાઘનગર જઈ આવ્યા હતા અને નૈતિકભાઈના પરિવારને સાંત્વના આપી હતી.

# ઇસ્કોન બ્રિજ કેસમાં હંગામી જામીન માંગ્યા

અમદાવાદ,બહુચર્ચિત ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસના આરોપી તથ્ય પટેલે ગુજરાત હાઈકોર્ટમાં હંગામી જામીન અરજી કરી છે. જેમાં તેને હૃદય સંબંધિત તકલીફને લઈને હંગામી જામીન માંગવામાં આવ્યા છે. અરજદારના વકીલે જણાવ્યું હતું કે અકસ્માત બાદ જુલાઈ મહિનાથી તે જેલમાં છે. અરજદારને વર્ષ ૨૦૨૩ ના ફેબ્રુઆરી મહિનામાં હૃદય સંબંધિત સારવાર અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં આપવામાં આવી હતી. આ સંદર્ભે હાઈકોર્ટે જેલ ઓથોરિટી પાસેથી અરજદારનું ફ્રેશ મેડિકલ સર્ટિફિકેટ મંગાવ્યું છે. તેમજ ૧૪ જૂને વધુ સુનવણી રાખવામાં આવી છે. ઈસ્કોનબ્રીજ અકસ્માત પહેલા પણ સારવાર અપાઈ હતી, અગાઉ ગ્રામ્ય કોર્ટે અરજી નકારી હતી.

# સંસદીય દળની બેઠકમાં જવા સાંસદો રવાના

### અમદાવાદ એરપોર્ટ પર શુભેચ્છા મુલાકાત લીધી



અમરેલી,અમદાવાદ એરપોર્ટ ખાતે રાજયસભાના સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, શ્રી બાબુભાઈ દેસાઈ તથા સાબરકાંઠા લોકસભાના સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા, ભાવનગર લોકસભાના સાંસદ શ્રીમતી નિમુબેન બાંભણિયા, સુરેન્દ્રનગર લોકસભાના સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરા સાથે શુભેચ્છા મુલાકાત કરી, લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ભવ્ય વિજય શુભેચ્છાઓ પાઠવી દિલ્લી ખાતે સંસદીય દાળની બેઠકમાં ભાગ લેવા રવાના થયા.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા.૮-૬-૨૦૨૪ને શનિવાર ,સંવંત ૨૦૮૦ જેઠ સુદ બીજ, આર્દ્રા નક્ષત્ર , તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો ,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
વૃષભ (બ,વ,ઉ) : પરિવાર માટે વિચારવા નો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો,દિવસ પ્રગતિકારક રહે.
(ક,છ,ઘ) : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો,આનંદ દાયક દિવસ.
કર્ક (ડ,હ) : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય ,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે,દિવસ એકંદરે સારો રહે.
સિંહ (મ,ટ) : નજીક ના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
કન્યા ,(ઠ ,ણ ) : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો,આનંદ માણી શકો ,શુભ દિન.
તુલા (ર,ત) : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્ય માં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય,કામ માં સફળતા મળે.
વૃશ્ચિક (ન ,ય ) : જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી મળે, મનોમંથન કરી શકો,પોઝિટિવ વિચારો થી લાભ થાય.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો,દિવસ સફળ રહે.
મકર (ખ ,જ ) : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસન થી દૂર રહેવા સલાહ છે,વાણી માં સંયમ રાખવો.
કુંભ (ગ ) : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે,ઉચ્ચ અભ્યાસ માં સારું કામ કરી શકો.
મીન (દ ,ચ ,ઝ ,થ): શત્રુઓ પર વિજય મેળવી શકો ,કોર્ટ કચેરીમાં રાહત મળે,અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

# મહુવામાં મૃતક યુવાનના પરિવારને ૧૫ હજારની સહાય કરતા પુ. શ્રી મોરારીબાપુ

### શ્રધ્ધાંજલી પાઠવી રોકડ સહાય રાશિ અર્પણ કરી



રાજુલા, (કનુભાઈ વરૂ)

થોડા દિવસો પહેલાં મહુવા શહેરમાં જેકે નગરમાં રહેતા આશાસ્પદ યુવાન સ્વ શ્રી મહેન્દ્રસિંહ જે વાજાનું અકસ્માતમાં મોત નિપજયું હતું. પૂજય મોરારીબાપુને આ દુઃખદ ઘટના અંગે સમાચાર પ્રાપ્ત થતાં તેમણે શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ દ્વારા તેમનાં પરિવારજનોને રુપિયા ૧૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. આજે મહુવા પરિવાર ના શ્રી અતુલભાઈ ચિતલીયા, શ્રી ચિત્રકૂટ ધામ ટ્રસ્ટ માંથી શ્રી ધર્મેશભાઈ અને શ્રી રમેશભાઈ રુબરુ સ્વ મહેન્દ્રસિંહના ઘેર જઈ સહાયતા રાશિનો ચેક અર્પણ કર્યો હતો અને તેમના પરિવારજનોને સાંત્વના આપી હતી.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૪૦ થી ૧૪૮૩ મગફળી ૧૦૦૦ થી ૧૨૪૩

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૦૦-૧૧૭૫
શિંગમોટી-૧૦૦૦-૧૨૪૩
ધાણી-
તલસફેદ-૧૬૦૦-૨૭૭૦
તલકાળા-૨૭૭૧-૩૨૬૪
એરંડા-૯૪૫-૧૦૭૭
ઘઉંટુકડા-૪૫૬-૫૬૫
ઘઉંલોકવન-૪૯૦-૫૭૦
મરચાલાંબા-૬૦૦-૨૯૩૦
ચણા-૯૯૨-૧૩૧૯
કપાસ-૯૪૦-૧૪૮૩
મેથી-૯૨૦-૧૧૧૦
જીરૂ-૨૩૦૦-૫૪૧૫
ધાણા-૯૦૦-૧૩૭૫
સોયાબીન-૮૨૫-૮૭૫
તુવેર-૧૬૩૦-૧૯૧૦
રાય-૧૧૯૦-૧૨૧૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૩૮૦-૪૬૦
રીંગણા-૬૦૦-૮૦૦
ફલાવર-૬૦૦-૭૦૦
કોબીઝ-૨૨૦-૨૬૦
ટમેટાં-૬૦૦-૬૪૦
વટાણા-૧૮૦૦-૨૦૦૦
ગાજર-૬૦૦-૬૫૦
ગલકા-૫૦૦-૫૫૦
કાકડી-૪૦૦-૪૫૦
ગુવાર-૧૪૦૦-૧૬૦૦
દુધી-૨૪૦-૩૦૦
તુરીયા-૭૦૦-૯૦૦
ભીડો-૭૦૦-૮૦૦
આદુ-૨૪૦૦-૨૫૦૦
કોથમીર-૧૦૦૦-૧૨૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૬૦
મરચાલીલા-૫૦૦-૮૦૦
લસણસુકું-૧૮૦૦-૨૦૦૦
લીંબુ-૧૦૦૦-૧૨૦૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૪૯૧
જુવાર-૫૪૦-૮૮૯
ઘઉં-૪૭૫-૫૫૦
ધાણા--
ચણા-૧૧૧૦-૧૨૮૫
મકાઈ-૪૪૪
અજમા--
જીરૂ-૪૦૦૦-૪૩૦૧
કપાસ-૧૦૦૦-૧૪૬૦
તુવેર--૧૭૦૦
મેથી-૮૦૦-૮૧૫

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૦૧-૬૪૪
ડુંગળીલાલ-૧૫૨-૪૬૫
ડુંગળીસફદે-૨૬૦-૩૩૬
તલસફેદ-૨૨૦૦-૨૭૬૮
તુવેર-૭૦૦-૨૧૨૫
અડદ-૧૬૯૦-૨૨૩૨
ચણા-૯૩૨-૧૩૧૯
નાળીયેર-૩૮૦-૧૮૪૨
મેથી--
કપાસ-૯૦૦-૧૩૬૫
મગ-૭૨૦-૧૬૨૨

**બાબરા**
કપાસ-૧૨૫૦-૧૪૯૨
મગ-
ચણા-૧૧૮૦-૧૩૦૦
ઘઉં-૪૮૯-૫૧૧
એરંડા-૯૫૫-૧૦૪૫
જીરૂ-૪૩૪૦-૫૭૦૦
મગફળી-૧૦૯૦-૧૧૩૦
બાજરો-૪૦૫-૪૪૫

**ધારી**
કપાસ-
તલ-૧૯૫૧-૨૫૨૦
મગફળી-૧૦૦૧-૧૧૩૯
સફેદચણા-૧૫૩૦-૧૫૩૦
ચણા-૧૨૦૫-૧૩૦૦
ઘઉં-૪૪૭-૫૨૫
એરંડા-
સોયાબીન-
ધાણા-૯૦૦-૧૨૨૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૫૧-૧૧૭૧
તલસફેદ-૨૫૦૦-૨૬૫૧
જીરૂ-૪૮૦૦-૫૭૦૦
તુવેર-૧૭૦૦-૨૧૫૦
કપાસ-૧૩૦૦-૧૪૮૬
ઘઉં-૪૪૦-૫૫૫
મેથી-૧૦૦૦-૧૦૯૦
ધાણા-૧૦૦૦-૧૩૧૮
ચણા-૧૨૮૦-૧૩૨૮
બાજરો-૩૭૦-૪૮૦
જુવાર-૪૨૫-૯૦૮

**ખાંભા**
કપાસ-૧૧૫૪-૧૪૧૬
મેથી--
ચણા-૧૦૧૫-૧૦૧૫
ઘઉં-
બાજરો-૪૭૫
મકાઈ-૩૧૧
જુવારસફેદ-૭૮૦-૮૧૦
મેથી-

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૩૮૦
તુવેર--
જુવાર-
ઘઉંલોકવન-૪૫૧-૪૭૨
ઘઉંટુકડા-૪૨૦-૪૯૦
મકાઈ--
ચણા-૯૦૦-૧૨૯૦
ધાણા-૧૧૦૦-૧૨૯૫
શીંગફાડા-૧૨૦૦-૧૪૮૨
સોયાબીન-૭૯૫-૮૯૮
મેથી-૯૯૦-૯૯૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૫૦-૬૦૦
દાડમ-૭૦૦-૧૭૦૦
મુસંબી-૮૦૦-૧૧૦૦
સંતરા-૧૮૦૦-૨૪૦૦
કીવી-૩૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૬૦૦
કેરી-૮૦૦-૧૮૦૦
ટેટી--
કેળા-૩૫૦-૫૦૦
પોપૈયા-૪૦૦-૬૫૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૬૦૦
અનાનસ-૧૦૦૦-૧૫૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

| | |
|---|---|
| મહ ામ તાપમાન | ૪૦ |
| ન્યુનતમ તાપમાન | ૨૭ |
| ભેજનું પ્રમાણ | ૬૯ |
| પવનની ગતિ સરેરાશ | ૮.૪ |

### મુસ્લિમ યુવાન દ્વારા અનોખી પહેલ

# સાવરકુંડલામાં ભિક્ષુકોને એક જ પંગતમાં બેસાડીને ભોજન કરાવતા પિન્ટુભાઇ મલેક

### ભિક્ષુકોને સમાજમાં ગૌરવ અને સ્વીકૃતી અપાવાનો હેતુ



સાવરકુંડલા,

સાવરકુંડલાના યુવાન પીન્ટુભાઈ મલેક દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે, જેમાં શહેરના તમામ ભિક્ષુકોને એક પંગતમાં બેસીને શાહી ભોજન કરાવવામાં આવ્યું હતું અને સાથે સાથે સમાજમાં સેવાઓ કરતી સંસ્થાઓ અને માટે તત્પર તમામ લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ ભિક્ષુકોને સમાજમાં ગૌરવ અને સ્વીકૃતિ અપાવવાનો અને સમાજ સેવાના મહત્વ પર પ્રકાશ પાડવાનો હતો. પીન્ટુભાઈ મલેક છેલ્લા ૧૫ વર્ષથી જરૂરિયાતમંદ લોકોને મદદ કરી રહ્યા છે. તેઓ માત્ર ભિક્ષુકો અને સમાજસેવીઓને જ મદદ પૂરી પાડતા નથી, પરંતુ કુદરતી આપત્તિઓ પણ રાહત અને સહાય પ્રદાન કરે છે. તેમનું માનવું છે કે દરેક વ્યક્તિને મદદની જરૂર હોય છે અને તેઓ તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરે છે જેથી તેઓ તેમને મદદ કરી શકે. આ કાર્યક્રમમાં, શહેરના તમામ સમાજના ભિક્ષુકોને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. પીન્ટુભાઈ મલેકનો હેતુ માત્ર તેમને ભોજન પૂરું પાડવાનો નહોતો, પણ તેમને સમાજનો એક ભાગ હોવાનો અનુભવ કરાવવાનો અને તેમને ગૌરવ અને આત્મસન્માન આપવાનો પણ હતો. આ ઉપરાંત, કાર્યક્રમમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં સેવા કરતી સંસ્થાઓ અને સમાજસેવીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તેમના સેવાકાર્ય અને સમર્પણ માટે તેમને મોમેન્ટો, પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. પીન્ટુભાઈ મલેકની આ પહેલ ખરેખર પ્રેરણાદાયક છે તે આપણને યાદ અપાવે છે કે આપણે બધા સમાજમાં પરિવર્તન લાવી શકીએ છીએ, જેથી તમામ જીવ માટે કરુણા દાખવી અને એકબીજા ની મદદ કરતી રહેવી જોઈએ.

### અમરેલીમાં ફાયર સેફ્ટીની ટીમોએ શોપીંગ સેન્ટરની દુકાનો સીલ કર્યા બાદ

# અમરેલી શહેરમાં ફાયર સેફ્ટીની ટીમો દ્વારા સ્કુલોનો સર્વે શરૂ કરાયો

### ફાયર સેફ્ટી માટેનાં સાધનો સક્રિય છે કે કેમ તે અંગેની ચકાસણી કરાશે

અમરેલી,

અમરેલી શહેરમાં ફાયર સેફ્ટીની ટીમો દ્વારા ભીડ ભંજન સામે આવેલા નારાયણ પ્લાઝા, જિલ્લા સંઘવાળુ સરદાર પટેલ કોમ્પલેક્ષ તેમજ જિલ્લા પંચાયત રોડ ઉપર આવેલ જુના માર્કેટયાર્ડનાં સરદાર શોપીંગ સેન્ટરની ૩૦૦ દુકાનો ફાયર સેફ્ટી ટીમનાં એચસી ગઢવી સહિતની ટીમ દ્વારા સીલ કર્યા બાદ હવે અમરેલી શહેરમાં આવેલી જુદી જુદી સ્કુલોનાં બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટી અંગેની ચકાસણી શરૂ કરવામાં આવી છે.

જેમાં ફાયર સેફ્ટીનાં સાધનો સક્રિય છે કે કેમ તે અંગેની ચકાસણી કરવામાં આવશે અને જો ફાયર સેફ્ટીનાં સાધનો સક્રિય નહીં હોય તો કાર્યવાહી શરૂ કરવામાં આવશે. તેમ હરેશભાઈ સરતેજાની યાદીમાં જણાવાયું છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# ઉના માર્કેટનું કોમ્પલેક્ષ સાવ જર્જરીત




ઉના, (નિરવ ગઢીયા) ઉના મિલન કોમ્પ્લેક્સ ની આગળ હરિઓમ માર્કેટનું ત્રણ કોમ્પલેક્ષ જર્જરીત હોવાથી વહેલાસર તંત્ર કામગીરી કરે લોકોની માગણી ઉઠી છે ઘણા વર્ષોથી આ કોમ્પ્લેક્સ જર્જરી હોય ને રસ્તામાં લોકોની અવરજવર હોવાથી મેઈન બજાર હોય ને ઉપરથી કોમ્પ્લેક્સ પોપડા પડે છે અને લોકોને જાનહાનિ થાય છે તો તંત્ર જાનહાની નું રાહ જુએ છે ઉનામાં તો તંત્ર વહેલાસર કામગીરી કરે તેવી માંગ ઉઠવા પામી છે ઉનામાં રાજકોટમાં અગ્નિ કાંડ થયો ત્યારબાદ ઉના શહેરમાં ગેસ્ટ હાઉસ હોસ્પિટલ. મોલ ફાયર સુવિધા નો અભાવ છે કે નહીં એવી કામગીરી હજી સુધી ઉનામાં તપાસ થયેલ નથી પણ તપાસ નો વિષય બન્યો છે ત્યારે તંત્ર કામગીરી કરશે

### આકસ્મિક ઘટનાને કારણે લેવાયેલો નિર્ણય

# દેરડી કુંભાજીમાં મુર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમ મુલત્વી

### વાહન અકસ્માતે દેરડીનાં ૬ લોકોનાં નિધન થતા કાર્યક્રમ મુલત્વી રાખ્યો

અમરેલી, દેરડી કુંભાજી મુકામે સ્વામીશ્રી નિર્દોષાનંદજી મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા રકતદાન કેમ્પ અને આયુર્વેદ કેમ્પ વગેરે કાર્યક્રમો આકસ્મિક દુર્ઘટનાને કારણે મુલતવી રખાયા છે. દેરડી કુંભાજી મુકામે આવેલા સ્વામીશ્રી નિર્દોષાનંદજી પરમહંસ સંન્યાસ આશ્રમમાં આગામી તારીખ ૦૮ અને ૦૯ જૂન ૨૦૨૪નાં રોજ પૂજ્ય સ્વામીશ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજની મંગલમૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા રકતદાન કેમ્પ, આયુર્વેદ કેમ્પ અને દંતયજ્ઞ કેમ્પનું કરવામાં આવેલું હતું. પરંતુ ગત તારીખ ૦૪ જૂન ૨૦૨૪ ને મંગળવારનાં રોજ કચ્છનાં ભચાઉ તાલુકાનાં લાકડીયા નજીકનાં ધોરી માર્ગ ઉપર થયેલ વાહન અકસ્માત દુર્ઘટનામાં દેરડી કુંભાજી ગામનાં એક જ પરિવારનાં ૫ સભ્યો અને ડ્રાઈવર સહિતનાં કુલ ૬ લોકોનાં અતિ દુઃખદ અવસાન થતાં ગામમાં શોકમય વાતાવરણ સર્જાયું છે આ આકસ્મિક બનાવ બનવાને આશ્રમનાં સત્સંગ મંડળ દ્વારા પૂજ્ય સ્વામીજીની મૂર્તિ પ્રતિષ્ઠાનો આ કાર્યક્રમ મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેની સર્વે ધર્મપ્રેમી જનતાએ નોંધ લેવી આ દુર્ઘટનામાં અવસાન પામેલ સર્વે પુણ્યાત્માઓને પરમાત્મા શાંતિ અને મુક્તિ આપે અને તેમનાં પરિવારજનોને તેઓનાં વિયોગનું દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના આશ્રમનાં સત્સંગ મંડળ દ્વારા આવે છે.

### અંબાજી મંદિરને ભક્તો દ્વારા આપવામાં આવેલુ ૧૭૫ કિલો સોનું સરકારની ગોલ્ડ મોનીટાઇઝેશન સ્કીમમાં મુકવામાં આવ્યું


વાહ કયા સીન હે..!



જિયાંશી

પપ્પા જયેશભાઈ બગડા, મમ્મી પ્રીતિબેન બગડા, દાદા લક્ષ્મણભાઈ બગડા, દાદી મંજુલાબેન બગડા, ફઈ શિલ્પાબેન રાઠોડ, ફુવા કિશોરભાઈ રાઠોડ, ફઈ રીનાબેન રાઠોડ, ફુવા સંદીપભાઈ રાઠોડ, ભાણુભા યુવરાજ, તેમજ મોટીબેન ધનવી બગડા તેમજ પરીધિ રાઠોડ સૌ સાથે મળી કેક કાપવાના હોય કેક ખાવા તેમજ ખુશીના અવસરમાં તમો સહુ જરૂર ને જરૂર આવજો.


# વોશિંગ્ટનમાં શ્રી જગદીશ ત્રિવેદીનું સન્માન



અમરેલી, તા. ૬/૬/૨૦૨૪ની સાંજે અમેરીકાના પાટનગર વોશિંગ્ટન DC સ્થિત ઈન્ડીયન એમ્બસી ખાતે ભારતના એમ્બેસેડર શ્રીપ્રિયા રંગનાથમના વરદહસ્તે જગદીશ ત્રિવેદીનું ભવ્ય સન્માન થયું. આ પ્રંસગે secretary શ્રી જીગરભાઈ રાવલ અને મંત્રીશ્રી જગમોહનજી અને એમ્બસીસ્ટાફ હાજર રહ્યો હતો. ભારતથી આવેલા કલાકારનું અમેરિકાના પાટનગરમાં આવેલા ભારતીય રાજદુતભવનમાં સન્માન થાય એના સાક્ષી બનવા માટે અમેરીકાસ્થિત વિધવિધ ક્ષેત્રના આશરે ચાલીસ જેટલાં સ્વનામધન્ય અને રાષ્ટ્રપ્રેમી ગુજરાતીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કિરીટ ઉદેશી, જયેશ જાની, અલ્પેશ પટેલ, રમેશ કોટડીયા, પ્રણવ શક્તિસિંહ મોરી, નલિનીબેન દેસાઈ, શરદ દોશી, મિહિર ખોના વગેરે ખાસ સાક્ષી થયા હતા.

### શ્રી જગદીશ ત્રિવેદીના કાર્યક્રમમાં આવેલી રકમની સખાવત

# ટિંબીમાં શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલને રૂપિયા ૨૧ લાખનું દાન

### લોકો દ્વારા ન્યુ જર્સીના કાર્યક્રમમાં સુંદર પ્રતિસાદ મળ્યો



અમરેલી, બીજી જૂન રવિવારની સાંજે ન્યુ જર્સીના બેલવીલ શહેરના ઓમ ટેમ્પલ હોલમાં ટીંબીની સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલ માટે જગદીશ ત્રિવેદીનો કાર્યક્રમ યોજાયો હતો. ભાવનગર જીલ્લાનાં ટીંબી ગામમાં છેલ્લા અઢાર વર્ષથી સ્વામી નિર્દોષાનંદજીની પ્રેરણાથી તદ્દન નિશૂલ્ક હોસ્પિટલ ચાલે છે જ્યાં ઓપરેશનથી માંડીને દર્દીના સગા-વહાલાને ભોજન પણ નિશૂલ્ક આપવામાં આવે છે. આ હોસ્પિટલના સમર્પિત સેવક ડો. મહેશ લીંબાની અને મિત્રો દ્વારા બીજી જૂનને રવિવારે જગદીશ ત્રિવેદીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં આશરે ૨૫,૩૦૦ ડોલર એટલે કે આશરે એકવીસ લાખ રુપિયા જેવી માતબર રકમ એકત્ર થઈ હતી. આ પ્રસંગે જાણીતા ન્યુરોલોજીસ્ટ ડો, સુમુલ રાવલ અને જાણીતા દાનવીર અને ફાર્માસિસ્ટ તુલ શાહ તથા સૌરાષ્ટ્ર ક્રીકેટ એશોશિએશનના સૌરીન રોહીત શાહ ખાસ અતિંથીવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. હજુ સાતમી જૂને ફેરફેક્ષ વર્જીનીયા અને આઠમી જૂને બાલ્ટીમોર ખાતે આ હોસ્પિટલ માટે બે કાર્યક્રમો થશે અને ત્રણે કાર્યક્રમોના મળીને દાનની કુલ રકમ એકાવન લાખને પાર કરશે એવી શ્રદ્ધા છે.

### સરકારની મુદત પુર્ણ થઇ જતાં વધુ ૨૦ દિવસની માંગ

# જાફરાબાદના ગામોમાં તળાવો ઉંડા ઉતારવાની મંજુરી આપો

### જાફરાબાદ તાલુકાના ખેડૂતોએ સાંસદ સહિતને રજુઆત કરી

રાજુલા, જાફરાબાદ તાલુકો એટલે કાયમી પાણીની તંગી વાળો અને હાલ એક પણ તળાવમાં પાણી નથી સરકાર શ્રી એ અને સિસાઈ વિભાગ દ્વારા તળાવો ઊંડા કરવા માટે ૩૧-૨૪ સુધીની મુદત આપવામાં આવી હતી અને ખેડૂતો દ્વારા ગ્રામ્ય તળાવમાં પાણી ન હોવાથી પોત પોતાના વાહનો લઈ અને તળાવની માટી ખેતરોમાં નાખી રહ્યા હતા જેથી કરીને ખેડૂતને જમીન ફળદુ થાય અને તળાવો ઊંડા ઉતરે જ્યારે સરકારને પણ તળાવ ઊંડા કરવાનો કોઈ ખર્ચ પણ થાય નહીં અને મહિનું પાણી તો પણ આ તળાવમાં સંઘરી શકાય અને કુદરતી રીતે ખેતરોનું પાણી આવે તેમજ સરકાર દ્વારા મહીનું પાણી નાખવામાં આવે તે પાણીનો સારો એવો સંગ્રહ થઈ શકે અને ખેડૂતોને બારેમાસ આવા તળાવો ખૂબ જ ઉપયોગી થાય છે તળાવ ભરેલા હોવાથી પાણીના બોર અને કૂવાના બોર પણ પાણીના તળ અધર આવી છે જેથી કુવા થી વાડીઓ પણ હલ થઈ શકે બોર કરવા છતાં ૫૦૦ ફૂટ ઊંડા બોર જાય છે ત્યારે ખારું પાણી નીકળે છે તાજેતરમાં આવા જાફરાબાદ તાલુકામાં બોર કરતા ખારું પાણી જ નીકળે છે જેથી કરીને હવે તળાવ ઊંડા કરવા માટે સરકાર દ્વારા આ મુજબમાં કોઈ વધારો થયેલ ન ખેડૂતો દ્વારા આ વિસ્તારના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તથા નવનિયુક્ત સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા અને ચ સીસાઈ ખાતાના અધિકારીઓને આ અંગેનો તાત્કાલિક નિર્ણય લઈ જાફરાબાદ તાલુકાને પાણી માટેનો સ્પેશિયલ કેસ લઈ સીસા અધિકારીઓને સુચના આપી અને ૨૦ દિવસનો વધારો આપવો જોઈએ કારણ કે આ તાલુકામાં પાણી જ નથી પાણી તે પણ ખારા છે તે ખાસ ધ્યાને લઈ સ્પેશિયલ કેસ તરીકે જાફરાબાદ તાલુકાના તળાવ ઊંડા કરવાની મુદત વધારવા આ વિસ્તારના ટીંબી માર્કેટિંગ યાર્ડના પ્રમુખ અને યુવા ભાજપના અગ્રણી એવા ચેતનભાઈ શિયાળ જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી કરસનભાઈ ભીલ તથા જાફરાબાદ તાલુકા કારોબારી ચેરમેન શ્રી અનિરુદભાઈ વાળા તથા સરપંચો દ્વારા તાત્કાલિક ઘટતું કરાવે તેવી માંગણી અને લાગણી ઉઠવા પામી છે.

# સુરતમાં માથું ફસાતા બાળકનું મોત

સુરત,

સુરતમાં એક ખુબજ દુઃખદ ઘટના બનવા પામી હતી જેમાં ખટોદરા વિસ્તારમાં એક ૧૨ વર્ષીય કિશોરનું લીફ્ટમાં માથું ફસાઈ જવાથી કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ કરુણ ઘટનાની મળતી માહિતી મુજબ મૂળ ઓડિશાના ગંજામનો વતની અને હાલ વેડ રોડ ખાતે રહેમતનગરમાં રહેતા રામચંદ્ર શાહુ સંચા ખાતામાં નોકરી કરી વતન ખાતે રહેતા પરિવારનુ ગુજરાન ચલાવે છે. રામચંદ્ર શાહુના સંતાન પૈકી રાકેશ વતનમાં ધોરણ ૭માં અભ્યાસ કરતો હતો. મહિના પહેલા તે વેકેશનની રજા માણવા માટે વતનથી પિતા પાસે સુરત આવ્યો હતો. તેમજ બે દિવસ પહેલા રાકેશ, ભટાર ખાતે આવેલા અમરદીપ એપાર્ટમેન્ટમાં રહેતી પોતાના સંબંધીના ઘરે આવ્યો હતો. સાંજના સમયે રાકેશ અમરદીપ એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોરથી લિફ્ટમાં ૭માં માળે જઈ રહ્યો હતો. ત્યારે વચ્ચે લિફ્ટમાં તેનુ માથું ફસાઈ ગયું હતું. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે ખટોદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદમાં રથ યાત્રા પુર્વે બુલેટ માર્ચ

અમદાવાદ,

૧૮૫૮ ની સાલથી દર વર્ષે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળે છે, આ રથયાત્રા દર વર્ષે અષાઢી સુદ બીજના દિવસે નીકળે છે અને તેમાં ૩ રથ હોય છે જેમાં ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રા બિરાજમાન હોય છે અને કહેવામાં આવે છે કે દર વર્ષે ભગવાન નગરચર્ચાએ નીકળે છે અને કરોડો ભકતોને દર્શન આપે છે, આ રથયાત્રા જમાલપુર વિસ્તારમાં આવેલ વિશ્વ વિખ્યાત જગન્નાથજી મંદિરથી નીકળીને સરસપુરથી પરત નીજ મંદિરે આવે છે.

### આરોગ્ય શાખાનાં ડીસ્ટ્રીક્ટ સીનીયર નિવૃત થતાં

# અમરેલીમાં નિવૃતી વિદાય સમારંભ યોજાયો

### સિનિયર ફાર્માસિસ્ટ શ્રી એમ.એલ.ચાવડાની કામગીરી બિરદાવી ભવ્ય સન્માન કર્યુ



અમરેલી, અમરેલી જિલ્લા પંચાયત ફાર્માસિસ્ટ એસોસિએશન દ્વારા આરોગ્ય શાખાનાં મીટીંગ હોલ ખાતે ડિસ્ટ્રિક્ટ સિનિયર ફાર્માસિસ્ટ શ્રી એમ એલ ચાવડા ને તારીખ ૩૦/૬/૨૪ ના રોજ હોય વય નિવૃત્ત થતા હોય, જિલ્લાના તમામ ફાર્માસિસ્ટ દ્વારા શ્રીફળ, સાલ અને મોમેન્ટો અર્પણ કરી તેઓની દીર્ઘ આયુષ્ય અને તંદુરસ્તી રહે તે માટેની શુભેચ્છા સાથે વિદાય પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માનનીય ક્યુ એમ ઓ શ્રી ડો.જાટે હાજરી આપી શ્રીફળ-પડો તેમજ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. અને તેઓની કરેલ કામગીરી આરોગ્ય શાખા નાં બિરદાવવામાં આવી, શ્રી એમ.એલ.ચાવડા અમરેલી જિલ્લામાં ૩૭ વર્ષ અને ૬ માસ તેમજ શાખામાં સીનીયર ફાર્માસિસ્ટ તરીકે ૧૮ વર્ષ સેવા બજાવેલ. એપેડેમિક માં કોવિડ ૧૯ અંતર્ગત રાત દિવસ જોયા વગર તેઓએ કોવીડ વેકસીન તથા દવાઓ અને લોજિસ્ટિક ફાળવવાની પણ સુંદર કામગીરી કરેલ. આ કાર્યક્રમ માં માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.જોશી અને જિલ્લા આર.સી.એચ.ઓ. શ્રી ડો. સાલવી એપેડેમિક મેડિકલ ઓફિસર શ્રી ડો.સિંધ, વહીવટી અધિકારી શ્રી તથા ૧૦૦૦ શ્રી તેમજ ૧૨૧૨૦ શ્રી દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ, અમરેલી જિલ્લા પંચાયત ફાર્માસિસ્ટ એસોસિએશન ના પ્રમુખશ્રી મનીષભાઈ ડોડીયા મંત્રી શ્રી જતીનભાઈ લશ્કરી ઉપ પ્રમુખશ્રી સેજપાલભાઈ અને ખજાનચી શ્રી જે.પી.જોશીભાઈ તથા ૧૦૧૫ શ્રી અનવરભાઈ સૈયદ ના સાથ થી આ કાર્યક્રમનુ ખુબ સુંદર આયોજન કરવામાં આવેલ તેમ જણાવ્યું હતું.

# રાજુલા વિધાનસભા વિસ્તારમાં જિલ્લા યુવા ભાજપના પ્રમુખ શ્રી ચેતનભાઇ શિયાળે યુવા વર્ગમાં રંગ રાખ્યો

### ભરતભાઈ સુતરીયાને જીતાડવા ભારે જહેમત ઉઠાવી



રાજુલા, અમરેલી જિલ્લા ભાજપના યુવા ભાજપના મહામંત્રી અને ટીંબી યાડના પ્રમુખ અને કોળી સમાજમાં અને યુવા વર્ગમાં સારું એવું પ્રભુત્વ ધરાવતા ચેતનભાઈ શિયાળે વર્તમાન ચૂંટણીમાં ભરતભાઈ સુતરીયા ને જીતાડવા માટે ગામો ગામ ભાજપના ગ્રુપ બનાવી અને તમામ મતદાન મથકોએ મતદારોને પહોંચાડવામાં મત આપવા માટે અને બહારગામ થી સમયસર મતદારો આવી ગયા મતદાન મથકે પહોંચાડ્યા તેવી મહેનત કરી યુવા વર્ગ નવું હોવાથી નવા ગ્રુપ સાથે સંબંધો કેળવી અને રાજુલા વિધાનસભામાં ભરતભાઈ સુતારીયા ને જીતાડવા માટે ચેતનકુમાર શિયાળ તથા ભાવેશ સોલંકી ટીમ દ્વારા ૨૪ કલાક એક કરી ચેતનભાઈએ શ્રી ભાજપના ઉમેદવાર ને સૌથી વધારે લીડ અપાવવામાં મહત્વનો ફાળો હતો જેનો જવાબ લોકો મત પેટીઓ માંથી જોઈ શકે તે ચેતનભાઈ શિયાળ આ કામગીરી કરતા ભરત સુતરીયા એ અભિનંદન પાઠવ્યા હતા.

# વડોદરામાં લુટારૂ ગેંગ ઝડપાઇ

વડોદરા,

વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમને એક મોટી સફળતા મળી છે જેમાં હાઈવે પર રાત્રીના સમયે એકલ-દોકલ જતી વ્યક્તિવન પોતાનો શિકાર બનાવી લૂંટ ચલાવતી ગેંગ ને ઝડપી લેવામાં આવી છે. આ સમગ્ર ઘટના અંગે વાત કરીએ તો કપુરાઈ પોલીસ સ્ટેશનની હદમાં હાઈવે પર લૂંટની ઘટના નોંધાઈ હતી જેમાં એક ફરિયાદી પોતાના મિત્ર સાથે ટુ વ્હીલર પર કરજણ તરફ જઈ રહ્યા હતા ત્યારે તરસાલી ચોકડીથી જાંબુઆ બ્રિજ તરફ જતા મહાદેવ હોટલ નજીક ૫, જુનના રોજ રાત્રે ૭ વાગ્યે ઓટો રીક્ષામાં ત્રણ અજાણ્યા ઈસમો આવ્યા હતા. અને ટુ વ્હીલર ઉભુ રાખીને તેની સાથે ઝપાઝપી કરી લૂંટ ચલાવી હતી. આરોપીઓએ ફરિયાદીના શર્ટમાંથી રોકડા રૂ. ૫ હજાર કાઢી લીધા હતા. અને ઓનલાઈન રૂ. ૪ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ સામેલ થયા હતા. વડોદરા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ દ્વારા સીસીટીવી અને સૂત્રો પાસેથી મળતી માહિતી ના આધાર પર તપાસ આગળ વધારી હતી જેમાં અગાઉ લૂંટના ગુનામાં સંડોવાયેલા શખ્સની સંડોવણી જણાતા ગોત્રી – સેવાસી રોડ પરથી કિરણ અંબાલાલ માછી (રહે. સિંધરોટ ગામ, કૃષ્ણાપુરા, વડોદરા), રસીક ચીમનભાઈ ચૌહાણ (રહે. રામપુરા ગામ, આંકલાવ) અને ભાવિક ઉર્ફે પન્નો અરવિંદભાઈ વાઘેલા (રહે. ગોકુળ નગર) ની અટકાયત કરી હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમિક પુછપરછમાં જ તેઓ ભાંગી પડ?યા હતા. અને અને લૂંટ આચરી હોવાનું જણાવ્યું હતું. તમામ પાસેથી લૂંટ પૈકી રૂ. ૪ હજાર તેમજ ગુનો આચરવા માટે ઉપયોગમાં લીધેલ ઓટોરીક્ષા, મોબાઈલ ફોન મેળવી લેવામાં આવ્યા હતા.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# સ્ટેટ લેવલની ૧૯ ટીમ દ્વારા રાજ્યભરમાં બે દિવસ માટે ખાસ સઘન બિયારણ ચકાસણી ઝુંબેશ : રિજિયોનલ સ્તરે કુલ ૩૯ ટીમો જોડાઇ

ભુજ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ધરતીપુત્રોને બિયારણ, ખાતર અને દવા ગુણવત્તાયુક્ત મળે તે સુનિશ્ચિત કરવા રાજ્યના ખેતીવાડી વિભાગને આપેલા સ્પષ્ટ દિશા-નિર્દેશો અનુસાર રાજ્ય સરકારના ખેતીવાડી ખાતા દ્વારા રાજ્યવ્યાપી દ્વિ-દિવસીય ખાસ સઘન ચકાસણી ઝુંબેશ તાજેતરમાં ઉપાડવામાં આવી હતી. આ હેતુસર સમગ્ર રાજ્યમાં ક્ષેત્રીય કક્ષાએથી ૩૯ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકારે આ ઝુંબેશને વધુ વેગવંતી બનાવવા સ્ટેટ લેવલની ૧૯ સ્ક્વોડ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં બે દિવસ માટે સઘન ચકાસણી હાથ ધરી હતી. રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં વિવિધ ઈનપુટના ૫૯ ઉત્પાદકો તેમજ બિયારણના ૮૪૮, ખાતરના ૫૪૭ અને દવાના ૭૫૦ વિક્રેતાઓની આ ઝુંબેશ અન્વયે ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા તપાસણી મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન બિયારણના ૫૨૪, ખાતરના ૧૦૫ અને દવાના ૮૨ એમ કુલ ૭૧૧ નમૂના લેવામાં આવ્યા હતા અને પૃથક્કરણ માટે રાજ્યની જુદી જુદી માન્ય લેબમાં એનાલિસિસ માટે મોકલવામાં આવ્યા હતા. આ જે ૭૧૧ નમૂના એકત્ર કરવામાં આવેલા તેમાં કપાસના ૩૨૪ નમૂના લેવાયા હતા. તેમાંથી ૧૧૬ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ અને અનઅધિકૃત કપાસ તરીકે લેવામાં આવ્યા હતા. એટલું જ નહીં, સાબરકાંઠા જિલ્લામાં લેવાયેલા કપાસના ૨૪ નમૂના પૈકીના ૧૯ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઈડ અનઅધિકૃત કપાસ તરીકે લેવાયા હતા. અત્યાર સુધીમાં ૧૧૦ આવા નમૂનાઓના થયેલા પૃથ્થકરણમાં ૧૦૧ પ્રમાણિત અને ૯ બિનપ્રમાણિત જણાયા છે. ૬૩૪ નમૂનાઓનું પૃથ્થકરણ પ્રગતિમાં છે. આ સઘન ચકાસણી ઝુંબેશ દરમિયાન અંદાજે ૬.૧૫ કરોડ રૂપિયાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે જેમાં બિયારણનો ૧,૩૯,૯૭૦ કિલોગ્રામ, ખાતરનો ૧૭૫ મેટ્રિક ટન અને દવાઓનો ૧૩૨૦ કિલોગ્રામ/લિટર જથ્થાનો સમાવેશ થાય છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જૂનાગઢમાં ૩૦ દિવસનો ઈલેક્ટ્રીક મોટર રીવાઈન્ડીંગ સર્વિસ અને ટુ-વ્હીલર મિકેનિકના વિનામૂલ્યે તાલીમ વર્ગ યોજાશે

### ૧૮ થી ૪૫ વર્ષના જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ ભાગ લઈ શકશે

જૂનાગઢ,

જૂનાગઢ એસબીઆઈની ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા યુવાનો પોતાનો ધંધો વ્યવસાય શરૂ કરી અને પગભર બની શકે તે માટે ૧૮ થી ૪૫ વર્ષના યુવાનો માટે ૩૦ દિવસની ઈલેકટ્રીક મોટર રીવાઈન્ડીંગ સર્વિસ અને ટુ-વ્હીલર મિકેનિકના તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ તા. ૧૧/૬/૨૦૨૪થી શરૂ કરવામાં આવશે. આ કોર્ષમાં રહેવા, જમવા અને તાલીમ વિનામૂલ્ય આપવામાં આવશે. તાલીમ પુર્ણ કર્યા બાદ ભારત સરકાર માન્ય પ્રમાણપત્ર અને સબસીડીવાળી લોનનો લાભ પણ મળવાપાત્ર મળશે.

આ તાલીમ જૂનાગઢ બીલખા રોડ પર આવેલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની બાજુમાં એસબીઆઈ ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થામાં આપવામા આવશે. તાલીમમાં જોડાવા માંગતા યુવાનોએ પાસપોર્ટ સાઈઝના ૩ ફોટા, આધાર કાર્ડ, રેશનકાર્ડ, માર્કશીટ/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બેંક પાસબુકની નકલ સહિતના ડોક્યુમેન્ટની ઝેરોક્ષ ફરજિયાત લાવવાની તથા ઓરીજનલ ડોક્યુમેન્ટ સાથે રાખવાના રહેશે. આ તાલીમમાં ભાગ લેવા માટે સોમ થી શનિ સવારે ૧૦થી ૫ વાગ્યા સુધીમાં ૯૯૦૪૬૪૬૪૬૬ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ગીરસોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીર સોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# વૈશાખ માસની માસિક શિવરાત્રીની શ્રી સોમનાથ મંદિર ખાતે ઉજવણી કરાઇ

### મહાઆરતીના દર્શને હજારો શ્રદ્ધાળુઓ ઉમટ્યા

ગીરસોમનાથ,

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર પ્રતિ માસની કૃષ્ણ ત્રયોદશી પર ઉજવાતી માસિક શિવરાત્રી એક અનેરૂ આકર્ષણ છે. દરેક માસની માસિક શિવરાત્રી પર મહાદેવના દર્શન કરવા માટે દૂર દૂરથી શ્રદ્ધાળુ સોમનાથ પહોંચે છે. ત્યારે આજરોજ પ્રણાલિકા અનુસાર વૈશાખ માસની માસિક શિવરાત્રિ પર શ્રી સોમનાથ મંદિર સમીપ નયજ્ઞશાળામાં ટ્રસ્ટના સચિવશ્રી યોગેન્દ્ર ભાઈ દેસાઈ સહિત ટ્રસ્ટ પરિવાર દ્વારા શાસ્ત્રોકત પ્રણાલિકા અનુસાર લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ સાથે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સ્થાનિક તીર્થપુરોહિતો પાસે શ્રી સોમનાથ મંદિરમાં દૈનિક ૧૨૧ રુદ્રી પાઠ કરાવીને પાઠાત્મક લઘુરુદ્ર કરાવવામાં આવે છે. ત્યારે આજે વૈશાખ માસની માસિક શિવરાત્રી પર સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાઠાત્મક લઘુરુદ્ર, હોમાત્મક લઘુરુદ્ર, અને સોમેશ્વર મહાપૂજા કરીને મહાદેવને વિશ્વ કલ્યાણની કામના કરવામાં આવી હતી.

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ

YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ ● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર ● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**

(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી

સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવજયતે

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

પાના નં ૬

તા.૦૮-૦૬-૨૦૨૪ શનિવાર






(બાબરાવાળા) **આનંદ કલોથ સ્ટોર**

હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



BAJAJ FINSERV

**આશાપુરા ફર્નીચર**

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧

૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો

દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


**નિશ્ચય પ્રેમ પ્રતિતિ તે, વિનય કરે સન્માના, તે રીકે કારજ, સફલ શુભ, સિધ્ધ કરે હનુમાન**

# અમરેલીના રિકડીયામાં ત્રિવીધ ધર્મોત્સવ

## રિકડીયામાં પુ. શ્રી ખડેશ્વરબાપુની મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સાથે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ અને મહંતાઇ સંત સંમેલનમાં જનમેદની ઉમટી પડશે

## મહંતશ્રી યોગીરાજ શિવમદાસબાપુ અને શ્રી ખડેશ્વરબાપુ મઢી ભકત સેવક સમુદાય દ્વારા સંકટ મોચન હનુમાન મંદિરે મહોત્સવમાં સંત સમુદાય ઉમટશે

**તા.૯ને રવિવારથી મહોત્સવ શરૂ તા.૧૬ને રવિવાર પુર્ણાહુતિ : સંતવાણી, લોકડાયરા સહિત કાર્યક્રમો માટે થઇ રહેલી તડામાર તૈયારીઓ : દાતાઓની ઉપસ્થિતિ : રિકડીયા ગામ આખુ ઉત્સવમય બની જશે : શ્રી ખડેશ્વરબાપુના સેવકસમુદાયમાં અનેરો હર્ષ અને આસ્થા : સંતોના પાવન પગલા કરાશે**







અમરેલી,

અમરેલીના રિકડીયામાં ત્રિવિધ કાર્યક્રમો યોજાનાર છે. જેમાં શ્રી ખડેશ્વરબાપુ મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા અને શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તથા મહંતાય સંત સંમેલન અને સંતવાણી, લોકડાયરા, રાસગરબા સહિતના ત્રિવિધ કાર્યક્રમો માટે તડામાર તૈયારીઓ થઇ રહી છે. આ મહોત્સવમાં સાધુસંતો અને સેવક સમુદાય મોટી સંખ્યામાં ઉમટી પડશે. ત્રિવિધ મહોત્સવ માટે મહંતશ્રી યોગીરાજ શિવમદાસબાપુના માર્ગદર્શન નીચે સેવકસમુદાય દ્વારા ભારે ઉત્સાહ સાથે તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઇ રહ્યો છે. તેમ આયોજકો વતી જણાવાયું છે.

**કથામાં આવતા ધાર્મિકો પ્રસંગોની ઉજવણી સાથે**

## અમરેલી નજીક રિકડીયામાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાશે

**શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પરથી શ્રી રમણિકભાઇ દવે શાસ્ત્રી-યુકે લેસ્ટર દ્વારા સંગીતમય શૈલીમાં ભાગવત કથા રસપાન કરાવાશે**




અમરેલી,

અમરેલીના રિકડીયા ગામે શ્રી ખડેશ્વરબાપુ મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે શ્રીમદ ભાગવત સપ્તાહ યોજાશે. જેનો તા.૯-૬-૨૪ને રવિવારે પ્રારંભ થશે અને ૧૬-૬-૨૪ને રવિવારે પુર્ણા હુતિ કરાશે. આ શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠ પરથી શાસ્ત્રીશ્રી રમણિકભાઈ દવે (યુકેલેસ્ટર) દ્વારા સંગીતમય શૈલીમાં કથા રસપાન કરાવાશે. કથા પ્રારંભે તા.૯-૬-૨૪ને રવિવારે પોથી યાત્રા સાથે કથાનો પ્રારંભ થશે. તા.૧૦-૬-૨૪ને સોમવારે ભાગવતજીનો આંબો, તા.૧૧-૬-૨૪ને મંગળવારે શ્રી વરાહ અવતાર, શ્રી કપીલ અવતાર, તા૧૨-૬-૨૪ને બુધવારે શ્રી વામન, શ્રીરામ, શ્રી કૃષ્ણ અવતાર તા.૧૩-૬-૨૪ને ગુરૂવારે શ્રી ગીરીરાજ ગોવર્ધન ઉત્સવ અન્નકુટ તા.૧૪-૬-૨૪ને શુક્રવારે શ્રી કૃષ્ણવૃક્ષમણી વિવાહ ઉત્સવ અને તા.૧૫-૬-૨૪ને શનિવારે સુદામા ચરિત્ર, પરિક્ષીત મોક્ષ સહિત ધાર્મિક પ્રસંગોની ઉજવણી થનાર છે. શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞમાં સંતો મહંતો ઉપસ્થિત રહી આર્શિવચન પાઠવશે. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના આગેવાનો, સેવક સમુદાય સહિત ભાવિકજનો ખાસ ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવશે.

## રિકડીયામાં ભજન સંધ્યા, સંતવાણી રાસગરબાની રાતભર રમઝટ બોલશે

**પ્રતિષ્ઠા મહોત્સવમાં નામી અનામી કલાકારો દ્વારા જમાવટ : લાઇવ પ્રસારણ**



અમરેલી, અમરેલીના રિકડીયામાં ત્રિવિધ કાર્યક્રમો નિમિતે ભજન સંધ્યા, સંતવાણી અને રાસગરબા સહિતના કાર્યક્રયો યોજાશે જેમાં તા.૯-૬-૨૪ને રવિવારે રાત્રીના ૯ કલાકે રિકડીયા ભજન મંડળી અને તા.૧૦-૬-૨૪ને સોમવારે રાત્રે ૯ કલાકે રાસગરબા અને હાસ્ય કલાકારો દિલીપભાઈ વસાણી તથા તા.૧૧-૬-૨૪ને મંગળવારે રાત્રે ૯ કલાકે સુંદરકાંઠના પાઠ (હનુમાન ચાલીસા) તા.૧૨-૬-૨૪ને બુધવારે રાત્રે ૯ કલાકે નાના આંકડીયા ભજન મંડળી તા.૧૩-૬-૨૪ને ગુરૂવારે રાત્રે ૯ કલાકે સંતવાણીમાં જયશ્રીદાસ માતાજી તથા શ્રવણબાપુ નિમાવત સંતવાણી ડાયરો જમાવશે. તા.૧૪-૬-૨૪ને શુક્રવારે રાત્રે ૯ કલાકે પ્રાચીન રાસગરબા અને તા.૧૫-૬-૨૪ને રાત્રે ૯ કલાકે સંતવાણીમાં ભગવતિ ગૌસ્વામી તથા શ્રી શ્રવણબાપુ નિમાવત સંતવાણીની જમાવટ કરશે. શ્રી સંકટ મોચન હનુમાન મંદિર શ્રી ખેડશ્વરીબાપુ મઢી રિકડીયા ખાતે કાર્યક્રમનો યુટયુબ ઉપર લાઈવ પ્રસારણ કરાશે. તેમ આયોજકોએ જણાવ્યું છે.

## ૧૬મીએ મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને મહંતાઇ સંત સંમેલન

**મહંતાઇ સંત સંમેલનમાં સંતો મહંતો ઉપસ્થિત રહી આર્શિવચન પાઠવશે : ધર્મ પ્રવચનો**

અમરેલી,

અમરેલીના રિકડીયામાં શ્રી ખડેશ્વરીબાપુ મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા સાથે મહંતાય સંત સંમેલન તા.૧૬-૬-૨૪ના રોજ યોજાનાર છે. મહંતશ્રી યોગીરાજ શિવરામદાસ બાપુ તેમજ શ્રી ખડેશ્વર બાપુ મઢી ભકત સેવક સમુદાય રિકડીયા ગામ સમસ્ત યોજીત ત્રિવિધ મહોત્સવમાં મુર્તિ પ્રતિષ્ઠા સાથે મહંતાઈ સંત સંમેલન યોજાશે જેમાં પ.પુ. મહામંડલેશ્વરશ્રી મહંત રામદયાલદાસબાપુ જીથુડી હનુમાન શ્રી વૈષ્ણવ વિરકતમંડળ જેતપુર મંડળ સહિત પધારશે. મહંતશ્રી રામરૂપદાસબાપુ ચેલૈયાધામ બિલખા તથા પ.પુ.મહામંડલેશ્વર શ્રી મહંત રામભુષણદાસબાપુ તત્કાલ હનુમાન મંદિર જેતપુર શ્રી વૈષ્ણવ વિરકત સૌરાષ્ટ્ર મંડળ તથા શ્રી અધિકારી શ્રી મહંતશ્રી ગણેશદાસબાપુ ખાખી મઢી જેતપુર તથા પ.પુ.મહામંડલેશ્વર મહંતશ્રી ઘનશ્યામદાસ બાપુ તાપડીયા આશ્રમ બાબરા, પ.પુ.મહામંડલેશ્વર શ્રી મહંત દેવકીનંદદાસબાપુ શ્રીરામજી મંદિર બાબરા, પ.પુ. મહામંડલેશ્વર શ્રી મહંત વિશ્વનાથદાસબાપુ લક્ષ્મીનારાયણ મંદિર ચિતલ, પ.પુ.મહામંડલેશ્વર શ્રી મહંત પુરશોતમદાસજી મહારાજ રામ જાનકી આશ્રમ ભરરૂ, પ.પુ.મહામંડલેશ્વર શ્રી મહંત સુદર્શનદાસજી મહારાજ શ્રી સંકટ મોચન હનુમાનજી મંદિર જયપુર, પ.પુ. મહામંડલેશ્વર શ્રી મહંત સુખદેવદાસજી મહારાજ શ્રીરામજી મંદિર જસદણ, પ.પુ. મહામંડલેશ્વર શ્રી મહંત ગોપાલદાસજી મહારાજ શ્રી રામ ધરીકા આશ્રમ બેટદ્વારકા, પ.પુ. મહામંડલેશ્વર શ્રી મહંત ઘનશ્યામદાસ બાપુ રાજપીપળા, પ. પુ. મહામંડલેશ્વર શ્રી મહંત ઘનશ્યામદાસજી મહારાજ પ્રયાગરાજ યુપી તથા પ.પુ. મહામંડલેશ્વર શ્રી મહંત અમરદાસજી મહારાજ સુદામા કુટી વૃંદાવન, પ.પુ. મહંતશ્રી રાઘવદાસજી મહારાજ બનારસ, પ.પુ મહંતશ્રી કમલદાસજી મહારાજ હરિદ્વાર, પ.પુ. મહંતશ્રી સાંકેટબિહારીદાસ મહારાજ ડાંગકે હનુમાન રાજસ્થાન, પ.પુ. મહંત શ્રી ભગવાનદાસબાપુ શ્રીરામજી મંદિર ગધેશ્વર, પ.પુ. મહંતશ્રી સત્યનારાયણદાસ બાપુ કરિયાણા, પ.પુ. મહંતશ્રી શિવરામદાસજી નાગા ગેજવાસોદા (મધ્યપ્રદેશ) અને અતિથી વિશેષપદે પ.પુ.શ્રી મહંત રામકિશોરદાસ મહારાજ, અખિલ ભારતીય શ્રી પંત દિગંભર અગ્નિ અખાડા તપોવન નાસિક તથા પ.પુ. મહંત મહામંડલેશ્વર સ્વામીશ્રી દિલીપદાસ મહારાજ સંત સમિતી પ્રદેશ અધ્યક્ષ શ્રી જગરનાથ મંદિર અમદાવાદ, પ.પુ. શ્રી મહંત રાજેન્દ્રદાસજી મહારાજ અખિલ ભારતીય પંચ નિર્મોહી અગ્નિઅખાડા અમદાવાદ, પ.પુ.શ્રી મહામંડલેશ્વર શ્રી મહંત અખિલેશ્વદાસજી મહારાજ શ્રી પંચમુખ હનુમાન મંદિર અમદાવાદ, વિશ્વ હિન્દુ પરિષદ કેન્દ્રયી મંત્રી અને પ.પુ.શ્રી મહામંડલેશ્વર મહંતશ્રી રામચરણદાસજી મહારાજા રામજીમંદિર કંજરી પાવાગઢ વડોદરા તથા પ.પુ.શ્રી ગોરક્ષ આશ્રમ જુનાગઢ, પ.પુ.મહંતશ્રી લક્ષ્મણજયોતીજી મહારાજ સંત સમિતી અધ્યક્ષ પ્રણામી મંદિર સુરત તથા પ.પુ. મહંતશ્રી ગંગાદાસજી મહારાજ વડોદરા, પ.પુ. મહંતશ્રી હરિશંકર દાસજી સાહેબ કુબેર મંદિર ઓડ ડાકોર, પ.પુ. મહંતશ્રી સેવાદાસબાપુ બાલા હનુમાન ગઢડા, પ.પુ મહંતશ્રી ભકિતચરણદાસ બાપુ ખાચરીયા, પ.પુ. મહંતશ્રી રામપ્રિયદાસજી મહારાજ અયોધ્યા, પ.પુ. સાધ્વી મહંતશ્રી યશોદાદીદી વૈદિહી આશ્રમ શિવારી માળ સાપુતારા, પ.પુ મહંતશ્રી કરશનદાસ બાપુ પરબધામ, પ.પુ. શ્રી ચેરન દાસ બાપુ પરબવાવડી, પ.પુ. મહંતશ્રી



મહામંડલેશ્વર શ્રી મહંત સીતારામદાસજી બાપુ ભારત સાધુ સમાજ અધ્યક્ષ શ્રીલંક વિજય હુનમાન મંદિર સુરત, પ.પુ.શ્રી મહામંડલેશ્વર શ્રી મહંત શ્રી રઘુનાથદાસજી મહારાજ ફરસીવાલે બાબા ત્રંબેકશ્વર નાસીક મહારાષ્ટ્ર, પ.પુ.શ્રી. મહામંડલેશ્વર શ્રી મહંત અખિલેશદાસબાપુ સંત સમિતી સુરત જિલ્લા અધ્યક્ષ શ્રી રામજી મંદિર ગૌશાળા નાના વરાછા સુરત, પ.પુ.શ્રી મહામંડલેશ્વર શ્રી મહંત શ્રી ગંગાદાસજી બાપુ રામકુંડ આશ્રમ અંકલેશ્વર, પ.પુ.શ્રી મહામંડલેશ્વર શ્રી મહંત શ્રી શેરનાથબાપુ વિજયદાસબાપુ સતાધાર, પ.પુ. મહંતશ્રી અમરગીરી બાપુ ગરાળો પ.પુ મહંતશ્રી બાલાગીરબાપુ પુંજાપાદર, પ.પું મહંતશ્રી કિશોરનંદજી સરસ્વતી શ્રી મનુભાઈ લાલજીભાઈ સાવલીયા શ્રી ખોડીયાર માતાજી મંદિર રિકડીયા અને સંતો તથા નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા બાલ મુકુંદ જવેર્સ વાળા શ્રી નિતીનભાઈ રાજપરા અને સરપંચશ્રી નરેન્દ્રભાઈ મંગળુભાઈ વાળા, અવધ ટાઈમ્સના તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ, બજાજ ડ્રેસીસ મહારાષ્ટ્રથી નંદકિશોર બજાજ, ચિતલ મિલન કોટેક્ષ વાળા ભરતભાઈ દેસાઈ અને દેસાઈ કોટેક્ષમાં મહાદેવજીનીંગ ચિતલના જયસુખભાઈ એમ દેસાઈ તથા રિકડીયા ઉપ સરપંચ ભુપતભાઈ વાળા, ખેડુત ઓઈલ એન્ડ કોટન ઈન્ડસ્ટ્રીઝ સાંગાડેરીના કિશોરભાઈ ડી. સેરા, સારથી મોટર્સ અમરેલીના શ્રી કરણભાઈ દેસાઈ, દર્શન ટ્રેડર્શ અમરેલી શ્રી કાળુભાઈ તથા અર્જુન ઈલેકટ્રોનિક અમરેલીના શ્રી દિલીપભાઈ છગ, શ્રી યોગીની રાગીનીસિંગ જયોતી સત્સંગ (કેપટાઉન એસએ), શ્રી વિજયભાઈ ભારત પંડિતજી (ડર્બન એસએ), શ્રી જયભાઈ પંડિતજી (ડર્બન એસએ) તેમજ ઉદ્યોગપતિઓ સર્વશ્રી શૈલેષભાઈ સાવલીયા સુરત, લાલજીભાઈ સાવલીયા સુરત, રમણિકભાઈ ઝવેરભાઈ સાવલીયા સુરત, શ્રી જીતુભાઈ ઝવેરભાઈ સાવલીયા સુરત, રઘુભાઈ ભગવાનભાઈ ભીમાણી સુરત, હાર્દિકભાઈ શિવાભાઈ કમાણી સુરત, જયસુખભાઈ કથિરીયા સુરત, અતુલભાઈ સાવલીયા સુરત, મિત મુકેશભાઈ ભીમાણી સુરત, મુકેશભાઈ ભીમાણી સુરત, દિવ્યેશ બાબુભાઈ પડસાળા, તુલસી પડશાળા સુરત, અમિત પડશાળા સુરત, વિઠલભાઈ સાવલીયા સુરત, નરેશભાઈ દોમડીયા સુરત, વિપુલભાઈ કોઠારી સુરત, ઘનશ્યામભાઈ ગજેરા માંગવાપાળ, અશ્વિનભાઈ સાવલીયા રાજકોટ, ભરતભાઈ સાવલીયા સુરત, શ્રી રાહુલ શ્રી વિસાલ, શ્રી જીજ્ઞેશ સુરત, કેયુરભાઈ સાવલીયા અમદાવાદ, રાજુભાઈ મુંગળા અમરેલી, અમિતભાઈ બકુલભાઈ કોઠારી બારડોલી, મહેશભાઈ ભીમાણી સુરત, રોહિતભાઈ ભીમાણી અમરેલી, હાર્દિકભાઈ સાવલીયા અમરેલી, આશિષભાઈ ગજેરા અમરેલી, રવિભાઈ ઢોલરીયા સુરત, કેયુરભાઈ સાવલીયા ચિતલ, આશિષભાઈ સાવલીયા મોરબી, ગૌતમ કોઠારી સુરત, જયદિપ સાવલીયા અમદાવાદ ખાસ ઉપસ્થિત રહેશે. દાતા તરીકે શ્રી બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી અમરેલી તથા મુર્તિના દાતાશ્રી, ભંડારના દાતાશ્રી અને ભાગવતના દાતાશ્રી મનિષભાઈ કાનજીભાઈ પડશાલા અ.સૌ. અસ્મિતાબેન મનિષભાઈ પડશાલા, શ્રી યશકુમાર મનિષભાઈ પડશાલા (યુએસએ અમેરિકા) પ્રમુખ યજમાન તરીકે સેવા આપશે.

## સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા અને ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયાના પ્રયાસોથી

# લાઠીના ધામેલમાં ૧.૭૭ કરોડના સિંચાઇનો કામો મંજુર

**લાઠીના ધામેલ ગામે ૧.૭૭ કરોડના ખર્ચે રિસ્ટોરેશન અને સ્ટ્રન્ધનીંગ ઓફ માઇનોર ઇરીગેશન સ્કીમમાં કામ મંજુર કરાતા લોકોમાં ખુશી વ્યાપી**

**કામ મંજુર થતાં આ વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી વ્યાપી ગઇ : સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા તથા ધારાસભ્યશ્રી તળાવીયાએ આભાર વ્યકત કર્યો**



અમરેલી,

સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા અને ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયા દ્વારા લાઠીના ધામેલમાં રૂપિયા ૧.૭૭ કરોડના ખર્ચે રિસ્ટોરેશન અને સ્ટ્રન્ધનીંગ ઓફ માઈનોર ઈરિગેશન યોજનાનું કામ મંજુર થતાં આભારની લાગણીવ્યકતકરવામાંઆવીછે.અમરેલી જિલ્લાના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા અને લાઠી/બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ વારંવાર રજુઆત અને અથાગ પ્રયત્નોના ફળ સ્વરૂપ અમરેલી જિલ્લાનાલાઠીતાલુકાનાધામેલગામેરકમ રૂા. ૧.૭૭ કરોડના ખર્ચે રીસ્ટોરેશન સ્ટ્રન્ધનીંગ ઓફ માઈનોર ઈરીગેશન સ્કીમનું કામ મંજુર થયેલ છે.જેથી આ વિસ્તારનાલોકોમાંહર્ષનીલાગણીફેલાયેલ છે.તેમજ આ વિસ્તારના લોકો ધ્વારા સાંસદશ્રીનો અને ધારાસભ્યશ્રી નો અંતઃકરણપુર્વકઆભારવ્યકતકરેલ.તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

## ધારી ગીર પુર્વનાં કરમદડીની બીટમાં દિપડાએ હુમલો કર્યો

**પ્રૌઢ અને બાળકી ઉપર હુમલો થતા સારવારમાંખસેડાયા**



અમરેલી,ધારી ગીર પુર્વનાં દલખાણીયા રેન્જમાં આવેલ કરમદડી બીટમાં દિપડો આવી ચડતા સુરેશ ભુપતભાઈ રાઠોડ ઉ.વ.૪૨ અને ગોપીબેન સુરેશભાઈ રાઠોડ ઉ.વ.૭ ઉપર હુમલો કર્યો હતો ધારીનાં જળજીવડી ગામે આવેલ સુરેશભાઈ ભુપતભાઈ રાઠોડની વાડીએ દિપડાએ પિતા પુત્રી ઉપર હુમલો કરતા ઈજાને કારણે સારવાર માટે ખસેડેલ છે. આ અંગે વન વિભાગને જાણ થતા દિપડાને બેભાન કરી પકડી પાડેલ છે.

**ચોમાસા દરમિયાન ૧૪ જુનથી ૧૫ ઓક્ટોબર સુધી ગુજરાતનાં તમામ અભિયારણ્યો અને રાષ્ટ્રિય ઉધાનોમાં પ્રવાસીઓનાં પ્રવેશ પર પ્રતિબંધ રહેશે**

**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર અમરેલી દ્વારા**

## અમરેલીમાં માતૃપિતૃ વંદના કરાશે

**યોગાચાર્ય શ્રી ઉજ્જવલશર્માની ખાસ ઉપસ્થિતી : મેજીક શો**

અમરેલી,

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર અમરેલી સંચાલિત શ્રી ઘનશ્યામ બાલ - બાલીકા મંડળની સભા નિમિતે તા.૯ જુન ૨૦૨૪ સાંજના ૫.૩૦થી ૮ દરમિયાન માતૃપિતૃ વંદના પર્વ-૩ કાર્યક્રમ યોજાનાર છે.

જેમાં માતૃપિતૃપુજનસંતોના આશિર્વાદ, ભોજન પ્રસાદ સહિત કાર્યક્રમોમાં હરિદ્વારથી યોગાચાર્ય શ્રી ઉજ્વલશર્મા ખાસ ઉપસ્થિત રહેશે. આ તકે જાદુગર અમીત સોલંકીનો મેજીક શો પણ યોજાશે કાર્યક્રમનો લાભ લેવા પૂ.શ્રી ભક્તિસંભવદાસજી સ્વામીએ જણાવ્યુ છે.

## જાણીતા ભજનીક અશોકભાઇ નિમાવતનાં મોટાભાઇનું નિધન

**મોટા જીંજુડામાં તા.૮ અને સુરતમાં તા.૧૧ મીએ બેસણું**



અમરેલી,

જાણીતા ભજનીક અને લોકસાહિત્યકાર શ્રી અશોકભાઈ તુલસીદાસ નિમાવત અને ભરતભાઈ તુલસીદાસ નિમાવતનાં મોટાભાઈ અને જયદીપભાઈ જેન્તીભાઈ નિમાવતના પિતાશ્રી જેન્તીભાઈ તુલસીદાસ નિમાવત (દકાભાઈ) નું તા.૬ ના રોજ અવસાન થયુ છે. સદગતનું બેસણું મોટા જીંજુડામાં નિવાસ સ્થાને તા.૮ ના રોજ સવારે ૯ કલાકે અને સુરતમાં તા.૧૧ મંગળવારે રાત્રે ૮ થી ૧૦ કલાકે ડીર વ્રજવાટીકા રેસીડેન્સી વ્રજચોક સરથાણા, સુરત રાખેલ છે. શ્રી દકાભાઈનાં નિધનથી નિમાવત પરિવારમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

## અમરેલી શહેરમાં સતત ૪૦ ડીગ્રીથી વધુ તાપમાનથી લોકો અકળાઇ ઉઠ્યાં

અમરેલી,

અમરેલીશહેરમાંસતત૪૦ ડીગ્રીથી વધુ તાપમાન જળવાઈ રહેતા બપોરનાં સમયે આકરા તાપનાં કારણે બજારો સુમસામ ભાસી રહી છે અને બળબળતાતાપનાંકારણેબપોરનાંસમયે જરૂરિયાતનાં કામ સિવાય લોકો બહાર નિકળવાનું પણ ટાળી રહ્યાં છે. રાત્રીનાં સમયે ભેજનું પ્રમાણ વધતા સવારમાં વાદળાઓ છવાય છે અને બપોરનાં સમયે આકરો તાપ હોવાનાં કારણે વૃધ્ધો અને બાળકો ગરમીથી અકળાઈ ઉઠે છે. આજે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચ્યો હતો. ન્યુનતમ તાપમાન ૨૭ડીગ્રી, ભેજનુંપ્રમાણ ૬૯, પવન ૮.૪ રહ્યો હતો. આકરી ગરમીનાં કારણેલોકોહવેવરસાદનીરાહજોઈ રહ્યાં છે.

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૦૨/૨૦૨૪.................તા.૧૬-૦૫-૨૦૨૪

વિવાદી :- શ્રી કુંભાણી બાબુભાઈ ગોગનભાઈ રહે.વાવડી, તા.બાબરા

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટી કમ મંત્રીશ્રી વાવડી ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે વાવડી ગામના રહીશ આ કામના અરજદારશ્રીના બહેન રમીલાબેન ગોગનભાઈ કુંભાણીનો જન્મ તા.૨૫-૦૯-૧૯૭૦ ના રોજ મોજે વાવડી, તા.બાબરા મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૪-૦૩-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૧-૦૭-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૯૯/૨૦૨૪.................તા.૧૬-૦૫-૨૦૨૪

વિવાદી :- શ્રી કાવઠીયા ગુલાબબેન કિશનભાઈ રહે.કડીયાણા રોડ, તા.બાબરા

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા બાબરા

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે બાબરા ગામના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી સોનલબેન કિશનભાઈ કાવઠીયાનો જન્મ તા.૦૧-૦૧-૧૯૯૨ ના રોજ મોજે બાબરા, તા.બાબરા મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૫-૦૩-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૧-૦૭-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી


વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા

આ છે અહીંની વિશેષતાઓ...
● વિકટ્રીફાઇ ટાઇલ્સ ● સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
● સ્ટાન્ડર્ડ બારી દરવાજા ● મેઇન ગેટે સિક્યુરીટી
● ગ્રેનાઇટ પ્લેટફોર્મ ● ૨૪ કલાક જનરેટરની સુવિધા
● આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
● સ્ટીલ ગ્રેલીંગ ● આર.સી.સી. રોડ
● સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

MARUTI SUZUKI ARENA
VITARA BREZZA
WICKEDLY POWERFUL

Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust

Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

વિશ્વાસ "મધુવન" માં, રૂપનો ઉજાસ હર જીવનમાં !

MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 : 94264 23006
madhuvan gold art madhuvangold.in



રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

● બાયપાસ બ્રાન્ચ ● સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

● બાબરા બ્રાન્ચ ● સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

● ધારી બ્રાન્ચ ● રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

## બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ

આયશર 188 (મીની) ટ્રેક્ટર

રૂા.૨,૫૧,૯૯૯/-* સ્પે.ઓફર

ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ



ગર્વમેન્ટ સબસીડી માન્ય

- પાવરફુલ એરકુલ્ડ એન્જીન
- ૧૦ સ્પીડ ગિયરબોક્સ
- તેલમાં ડુબેલી બ્રેક્સ

*શરતોને આધિન

રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫



સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

પાના નં. ૮ તા.૦૮-૦૬-૨૦૨૪ શનિવાર



## ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર



સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.

+ કૈલાશ કલીનીક +

જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર

ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)

ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)

હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૫


# લાખ...લાખ... અભિનંદન







**શ્રી ભરતભાઇ મનુભાઇ સુતરીયા**
સાંસદશ્રી : અમરેલી જિલ્લો

**શ્રી કૌશિકભાઇ વેકરીયા**
નાયબ મુખ્યદંડકશ્રી : ગુજરાત વિધાનસભા













| શ્રી મહેશભાઇ કસવાળા | શ્રી હીરાભાઇ સોલંકી | શ્રી જે.વી.કાકડીયા | શ્રી જનકભાઇ તળાવીયા | શ્રી શિવાભાઇ ગોહીલ | શ્રી કેશુભાઇ નાકરાણી |
|---|---|---|---|---|---|
| ધારાસભ્યશ્રી | ધારાસભ્યશ્રી | ધારાસભ્યશ્રી | ધારાસભ્યશ્રી | ધારાસભ્યશ્રી | પુર્વ ધારાસભ્યશ્રી |
| સા.કુંડલા, લીલીયા | રાજુલા, જાફરાબાદ, ખાંભા | ધારી, બગસરા, ચલાલા | લાઠી, બાબરા, દામનગર | મહુવા | ગારીયાધાર |

અઢારમી લોકસભા અમરેલીનાં ભાજપના ઉમેદવાર તરીકે લાઠી તાલુકાના જરખીયા ગામના એક સામાન્ય ખેડુત પરિવારમાંથી આવતા અને જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે જિલ્લાના અઢારેય આલમનાં લોકોના દિલમાં જગ્યા બનાવનાર, આવા અમૂલ્ય હીરાની મોદી સાહેબે પરખ કરીને અમરેલી લોકસભા બેઠક માટે **શ્રી ભરતભાઇ મનુભાઇ સુતરીયા** ની પસંદગી થતા ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્યદંડક અને અમરેલી, વડીયા, કુંકાવાવના ધારાસભ્ય **શ્રી કૌશિકભાઇ વેકરીયા** ના માર્ગદર્શન નીચે જિલ્લાના ધારાસભ્યો **શ્રી મહેશભાઇ કસવાળા** (ધારાસભ્ય : સા.કુંડલા, લીલીયા), **શ્રી હીરાભાઇ સોલંકી** (ધારાસભ્ય : રાજુલા, જાફરાબાદ), **શ્રી જે.વી.કાકડીયા** (ધારાસભ્ય : ધારી, બગસરા), **શ્રી જનકભાઇ તળાવીયા** (ધારાસભ્ય : લાઠી, બાબરા, દામનગર), **શ્રી શિવાભાઇ ગોહીલ** (ધારાસભ્ય : મહુવા), પુર્વ ધારાસભ્ય **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) ખંભે ખંભો મીલાવી ભારે જહેમત ઉઠાવેલ અને **શ્રી ભરતભાઇ સુતરીયા** ને જંગી લીડથી જીતાડવામાં સિંહફાળો આપેલ અને જરખીયા - ગોવિંદપરા - સુરગપરાનાં સમગ્ર ગ્રામજનો સુરત, અમદાવાદ, મુંબઇ વસતા જરખીયાનાં વતનીઓ, અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટના પુર્વપ્રમુખ **શેઠશ્રી મનુભાઇ ગોબરભાઇ કાકડીયા, શ્રી ધનજીભાઇ આસોદરીયા** (ધરતી ડાયમંડ), **શ્રી રાજુભાઇ બી.સાવલીયા** (ધરતી ડાયમંડ) તેમજ યુવા ટીમ રાત દિવસ જોયા વગર અથાગ મહેનત કરીને **શ્રી ભરતભાઇ મનુભાઇ સુતરીયા** ને જંગી લીડથી જીતાડવામાં સિંહફાળો આપેલ છે અને અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૯ માં જે લીડ મળેલ તેનો પણ રેકોર્ડ તોડી નખાયો છે અને ૧૯૬૨ થી આજ સુધીની આ સૌથી મોટી જંગી લીડથી **શ્રી ભરતભાઇ મનુભાઇ સુતરીયા** વિજેતા બનેલ છે જે બદલ લાખ લાખ અભિનંદન સહ શુભકામનાઓ.

## -:: શુભેચ્છક ::-

# જરખીયા ગોવિંદપરા સુરગપરા
# જનજાગૃતી પ્રગતિ મંડળ

## તેમજ સુરત, અમદાવાદ, મુંબઇ, ભાવનગર, રાજકોટ
## તેમજ વિદેશ વસતા જિલ્લાના વતનીઓ